વર્ષ : ૩૬
અંક : ૭
જુલાઈ-૨૦૧૨

Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રી સદ્ગુરુદેવાય નમઃ



**જેની કાયા પ્રશમ ઝરતી સૌખ્ય આનંદ આપે, જેની આંખો અમી વરસતી ચિત્ત સંતાપ ટાળે;**
**જેની વાણી અમૃત ઝરતી આત્મનો બોધ આપે, એવા ગુરુનું દરિશન રૂડું મુક્તિનો પંથ કાપે.**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત) કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ પરમાર્થપ્રેરક આધ્યાત્મિક શિબિર
(તા. ૧-૭-૨૦૧૨ થી તા. ૩-૭-૨૦૧૨)



પૂજ્યશ્રીની પાવન નિશ્રા



પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ



આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહ

## ભક્તિસંગીતની વેળાએ



શ્રી સ્વામિનારાયણ સંસ્થા BAPS ના અધિષ્ઠાતા પૂજ્ય પ્રમુખસ્વામીના આજ્ઞાનુવર્તી શિષ્યો



યુવા ભક્તિવૃંદ, કોબા



સંસ્થા દ્વારા આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહનું અભિવાદન

## સંસ્થામાં ક્રાંતિકારી પૂજ્ય મુનિશ્રી તરુણસાગરજીના આગમનની વેળાએ (તા. ૨૨-૬-૧૨)





# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ...........શ્રીમદ્ રાજચંદ્રજી..... ૩

(૨) મોહ ઘટાડવાના ઉપાયો .... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૪

(૩) રત્નત્રય .................શ્રી મણિભાઈ શાહ..... ૭

(૪) અધ્યાત્મ અને ઉત્સાહ ... ડૉ. કુમારપાળ દેસાઈ.... ૧૦

(૫) શ્રી પદ્મનંદિ આચાર્ય ...પ્રા. ચંદાબહેન પંચાલી.... ૧૨

(૬) બાર ભાવના .................પૂજ્ય બહેનશ્રી.... ૧૫

(૭) શ્રી આનંદઘન ચોવીશી .. શ્રી અશોકભાઈ શાહ.... ૧૭

(૮) અપૂર્વ અવસર........... શ્રી વલભજી હીરજી.... ૨૧

(૯) ગુરુપૂર્ણિમા .............. શ્રી પરેશભાઈ શાહ.... ૨૨

(૧૦) पूजा का स्वरूप एवं प्रकार ....................................
............................पूज्य श्री गोकुलभाई शाह ..... २३

(૧૧) Yuva Times ........................................... ૨૯

(૧૨) જીવનઉદ્યાન - દિવાળી પુસ્તિકા .................. ૩૧

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૪



વર્ષ : ૩૬ જુલાઇ, ૨૦૧૨ અંક - ૭



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org



-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૧૮૦

આજીવન રૂા. ૭૫૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 2500

$-60, £-35

આજીવન : Rs. 7000

$-170, £-110

By Sea Mail


આજીવન : Rs. 3500

$-85, £-60

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩

# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

સંસારીઓ પાસે કોઈપણ વસ્તુની આશા શું રાખવી ? દરેક વ્યક્તિ બીજા પાસે આશા રાખે છે, તો એમની પાસે શું માગવું ? તારી પાસે પણ કેવી રીતે મંગાય ? કારણ કે તું તો નિષ્કામ ભક્તિ ઈચ્છે છે. તું સર્વથી ઉચ્ચપદે બિરાજમાન છે તેથી જો માગવું જ હોય તો એવું ઉચ્ચપદ શું કામ ન માગું કે જેથી બીજું કંઈ પણ માગવાનું જ ન રહે ! વળી, મનમાં થાય છે કે એ પદ માગીને તારાથી અલગ થવા કરતાં તું મારા દિલમાં વસ્યો છે અને તારા ચરણકમળમાં મને સ્થાન મળ્યું છે એ ઘણું છે.

**હે કરુણાનિધાન !** સખત ગરમીમાં પણ વૃક્ષો લીલાંછમ બની લહેરાય છે તેનું કારણ તેમને જમીનમાંથી મળતું જીવનજળ છે, તે રીતે ત્રિવિધ તાપાગ્નિમાં હું શાંત અને સ્થિર રહી શકું તો તેનું કારણ મને મળતું તમારું પ્રેરણાબળ જ છે. સૂર્ય પ્રકાશ આપે છે અને અંધકાર દૂર કરે છે. ચંદ્ર શીતળતા આપે છે અને ગરમી દૂર કરે છે, પરંતુ હે પ્રભુ ! તું જ્ઞાનનો પ્રકાશ આપે છે અને અજ્ઞાન-અંધકાર દૂર કરે છે. મનને શીતળતા આપે છે અને ત્રિવિધ તાપાગ્નિને દૂર કરે છે. સૂર્ય અને ચંદ્ર બંને તારામાં સમાયા છે.

**હે પ્રભુ !** આપે નાશવંત દેહને અમારા સતત સ્મરણમાં અમર કરી દીધો. આપના જ્ઞાનને અક્ષરદેહ આપી ચિરસ્થાયી બનાવી દીધું. આપની કૃપાના દાન દ્વારા તે જ્ઞાનને જીવો માટે આત્મોપયોગી બનાવી દીધું. એ સર્વ દ્વારા આત્મશક્તિ રૂપ સંજીવની કે જે અમરપદ અપાવે છે તેનો લક્ષ કરાવ્યો. તે માટે અમ પામર જીવો આપને નમસ્કાર સિવાય બીજો શો બદલો વાળી શકે ?


**હે પ્રભુ !** એવો સમય ક્યારે આવશે કે હું સર્વને સમાનભાવે જોઈ શકીશ ?

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૭૮૩



શ્રી સોભાગને નમસ્કાર

શ્રી સોભાગની મુમુક્ષુદશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઇચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઇચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરુષના સમાગમનો લાભ પામે તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઇચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.

મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તો પણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.


આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે, કેમ કે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તો પણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે, માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

# મોહ ઘટાડવાના ઉપાયો

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



સામાન્ય રીતે અજ્ઞાની જીવ મોહના નશાની અસરમાં જીવન વિતાવે છે. આ મોહ અજ્ઞાની જીવને જે સાચું નથી તેને સાચું મનાવવા રૂપ ખોટી ભ્રાંતિ કરાવે છે અને જ્ઞાનીને તે વિશેષ સમાધિની પ્રાપ્તિ થવામાં વિક્ષેપ કરે છે. હકીકતમાં આ મોહ કાંઈ કરતો નથી કારણ કે તે તો જડદ્રવ્ય છે. તે આપણને કાંઈ કરાવી શકે નહિ પરંતુ આ જીવ તેને આધીન થઈને વિપરીત કાર્ય કરે છે. મોહને આધીન થઈ વર્તવું કે ન વર્તવું તેના માટે જીવ સ્વતંત્ર છે. પરંતુ અનાદિકાળથી વિપરીત સંસ્કાર આત્મા પર પડ્યા છે માટે જીવ પરદ્રવ્યમાં અહં-મમત્વ કરે છે. માટે ભગવાન-ગુરુદેવને કહેવું કે હે ભગવાન ! આ લાડી, ગાડી, વાડી, કાંઈ મારું નથી. હે પ્રભુ ! હે ગુરુદેવ ! એક આપ જ મારા છો અને આપનો કહેલો ધર્મ મારો છે એમ શ્રદ્ધા પાકી કરવી કારણ કે દેવ, શાસ્ત્ર, ગુરુ જ આપણને આપણા સ્વરૂપ તરફ લઈ જાય છે. હવે આ ત્રણેના સ્વરૂપને થોડું સમજીએ, જેથી શ્રદ્ધા વિશેષ વર્ધમાન થાય.

(૧) **ભગવાન :** જેમણે આપણને આત્મામાંથી પરમાત્મા બનવાનો ઉપદેશ આપ્યો તથા જેમનો આત્મા પૂર્ણપણે વિકાસ પામ્યો છે તે ભગવાન છે.

(૨) **સદ્ગુરુ :** જેમણે મિથ્યાત્વનો નાશ કરીને સમતા-સમાધિનો અનુભવ કર્યો છે અને જેઓ સત્પાત્ર ભવ્ય જીવોને ધર્મનો માર્ગ બતાવે છે તે સદ્ગુરુ છે.

(૩) **ધર્મ :** એટલે ભગવાન અને સદ્ગુરુનો બોધ.

આ ત્રણેય પ્રત્યે જેટલો પ્રેમ વધે તેટલો તેટલો લાડી, ગાડી, વાડી આદિ પ્રત્યે મોહ ઘટે. પર વસ્તુમાં સુખ નથી. માટે સદ્ગુરુદેવ આપણને સમજાવે છે કે ભાઈ ! તું સ્વયં પૂર્ણ છો. તને અન્ય કોઈ વસ્તુની આવશ્યકતા નથી અને તે પૂર્ણતા પ્રાપ્ત કરવાનો ઉપાય તે બોધ છે. બોધ દ્વારા દર્શનમોહનો નાશ થાય છે અને વીતરાગતા દ્વારા ચારિત્રમોહનો નાશ થાય છે. સત્પુરુષની અનુભવવાણીનો બોધ પ્રાપ્ત કરી પછી ગુરુગમ સહિત શાસ્ત્રાભ્યાસ કરવો અને અભ્યાસ કરવો કે,

"છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ. મૂળ...
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ...

સદ્ગુરુ પાસેથી સત્પાત્રતાસહિત બોધ શ્રવણ કરીએ તો તે બોધ ધીમે ધીમે હૃદયમાં ઊતરે તથા દૃઢ શ્રદ્ધા થાય કે હું આ શરીર નથી તથા તેને લગતા અન્ય પદાર્થો, સંપત્તિ, સ્વજનો, વગેરે મારા નથી. એમ પોતાની ઊંધી માન્યતા બદલાય છે. જ્ઞાની તો વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું કહે છે. તેમનો બોધ પ્રાપ્ત કરવાં તેમનો સંગ કરવો, સત્સમાગમ કરવો જોઈએ. તેમના સમાગમનું માહાત્મ્ય દર્શાવતા પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી વચનામૃત પત્રાંક – ૨૧૩ માં કહે છે કે,

"કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે, તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ

એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે.''

આવું સત્પુરુષ તથા તેમના બોધનું મહત્ત્વ જાણીને કોઈને એમ લાગે કે સદ્‌ગુરુ જ સાચા છે માટે હવે શાસ્ત્રની કાંઈ જરૂર નથી ત્યારે સદ્‌ગુરુદેવ તેને સમજાવે છે કે ભાઈ ! સત્શાસ્ત્રો નકામા નથી પરંતુ પ્રથમ ભૂમિકામાં જયાં સુધી તારામાં સત્પાત્રતા પ્રગટ ન થાય અને તારા હૃદયમાં 'હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું' એમ દૃઢ ન થાય ત્યાં સુધી તારે પહેલા તો જ્ઞાનીપુરુષનો સત્સમાગમ કરવો, ભક્તિ કરવી, દાન કરવું, પૂજા આદિ કરવાં. ત્યારબાદ ગુરુગમે સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો. ગાય અને ભેંસ જેમ તેમને નાખવામાં આવેલ ઘાસને પ્રથમ તો જલદીથી ખાય છે અને પછી ઝાડ નીચે શાંતિથી બેસીને તે ઘાસને પાછું બહાર કાઢીને ધીરે ધીરે વાગોળે છે, તેમ આપણે પણ બોધ પ્રાપ્ત કર્યા પછી તેને પચાવવા માટે શાંતિથી એકાંતમાં બેસીને તેનું ચિંતન કરવું, તેનો અર્થ સમજવો, તેના પર વિચાર કરવો તથા જયાં જયાં શંકા થાય ત્યાં ફરીવાર પૂછવું તો પરમાર્થલાભની પ્રાપ્તિ થશે. જેઓ પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને સત્પુરુષની સેવામાં જ લાગી જાય તો તેમને ઘણો આત્મિક લાભ મળે છે. જેઓ વધારે સમય જ્ઞાની સાથે ન રહી શકે તેવા મુમુક્ષુઓએ જ્ઞાનીના વચન શ્રવણ કરીને ડાયરીમાં તેની જે નોંધ કરી હોય તેને વારંવાર વાંચવી, વિચારવી તથા સમજવી જોઈએ તથા તેમાં કહ્યા મુજબ પોતાનું જીવન બદલવું જોઈએ. જીવનમાંથી અસત્સંગ ઘટાડવો તથા સત્સંગ વધારવો, લોભ ઘટાડી સંતોષ વધારવો એટલે કે ભાઈઓએ દુકાન આદિમાં ઓછું જવું તથા બહેનોએ રસોડામાં જરૂર પૂરતો જ સમય ગાળવો. આત્મકલ્યાણ માટે કલાકો વધારવાં અને એમ કરવા માટે નિવૃત્તિક્ષેત્રમાં, તીર્થક્ષેત્રમાં ઉપાસના કરવા જવું. ત્યાં જઈને ૧૦ થી ૧૨ કલાક સાધના કરવી તથા વધારે સત્પુરુષનો સમાગમ કરવો. વચનામૃત પત્રાંક – ૧૭૨ માં કહ્યા પ્રમાણે સાધના કરવી. નિવૃત્તિક્ષેત્રમાં આવીને પાપપ્રવૃત્તિ સેવે તો તેની દુર્ગતિ થાય છે. તેના માટે આચાર્યદેવ કહે છે કે,

अन्य क्षेत्रे कृतं पापं, तीर्थक्षेत्रे विनश्यति,

तीर्थक्षेत्रे कृतं पापं, वज्रलेपो भविष्यति ।

આ જીવ એવો મૂર્ખ છે કે તે પરવસ્તુને પોતાની માને છે અને શરીરમાં મમત્વ કરે છે ! આ શરીર ઉપયોગી છે પણ તેનો સદુપયોગ કરે તો. તેનો સદુપયોગ કરવા માટે આંખોથી પરમાત્માના દર્શન કરવાં તથા સત્ સમાગમ તથા સંતોની વાણી વાંચવા માટે ઉપયોગ કરવો. કાન દ્વારા પરમાત્માના નામનું ભાવપૂર્વક શ્રવણ કરવું, હાથ દ્વારા દુઃખીજનો તથા સાધુ-સંતોની સેવા કરવી તથા દાન આપવું, પગ દ્વારા તીર્થયાત્રા કરવી, મંદિરે જવું. આમ કરવાથી ભગવાનનો વિશેષ પરિચય થશે અને પરિચયથી પ્રેમ વર્ધમાન થાય છે. આપણી સૌથી મોટી ભૂલ તો એ છે કે આપણે ભગવાનને આપણા જેવા માન્યા છે ! શક્તિ અપેક્ષાએ આપણે તેમના જેવા છીએ, પરંતુ વ્યક્તિ અપેક્ષાએ આપણે તેમના જેવા નથી. જયાં સુધી આપણને આપણી પામરતાનો અને દુઃખનો અહેસાસ પાણી વગર તરફડતી માછલીની જેમ ન થાય ત્યાં સુધી ભગવાનના દર્શન થાય નહિ. આપણને તો ભગવાનના દર્શન કર્યા વગર ઘણા વર્ષો વીતી ગયા તો ય પેટનું પાણી પણ હલતું નથી અને જો કોઈ પૂછે કે કેમ છો ભાઈ ? તો જવાબ આપે છે કે મારી તબિયત ઘોડા જેવી છે, વરસ ઘણું સારું છે અને બધી રીતે લીલાલહેર છે ! ત્યારે સદ્‌ગુરુ કહે છે કે ભાઈ, તું ભ્રમમાં જીવે છે. તારે લીલાલહેર નહિ પણ કાળો કેર છે. તારી પાસે મિલકત ઘણી છે પણે તેમાંથી તું દાન કરતો નથી, ભલે સત્સંગમાં આવીને તું ભજનરૂપે ગાય છે ખરો કે,

**તન છૂટે ધન કૌન કામકો, કાહે કો કૃપણ કહાવે,**

**અવસર બૈર બૈર નહિ આવે...**

આવું જીભથી ગાય છે પણ અંતરમાં તો તારી રુચિ માત્ર પૈસા ભેગા કરવામાં જ છે ! ધનમાં તને એટલી બધી મૂર્ચ્છા છે કે મરીને તારે નરકમાં જન્મ લેવો પડે અને ત્યાં અનંત દુઃખ ભોગવવાં પડે છે. માટે સદ્‌ગુરુદેવ કહે છે કે ભાઈ ! તું મરીને પણ તારા આત્માના કલ્યાણાર્થે સમય કાઢ. હે વત્સ ! એક વાર અંતરથી બોલ કે હે પ્રભુ, મારે આપે બતાવેલો શુદ્ધ આત્મા જાણવો છે, માનવો છે, વિચારવો છે, સમજવો છે, અભ્યાસવો છે, અનુભવવો છે કારણ કે આ વિશ્વમાં એક આત્મામાં જ અનંત શાશ્વત આનંદ છે. માટે તેને પ્રાપ્ત કરવા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રગટાવવો. તથા નિશ્ચયથી જેમાં રાગ-દ્વેષનો પ્રવેશ શક્ય નથી એવા શુદ્ધાત્મા પ્રત્યે રાગ કરવો. તે ન થઈ શકે તો જેમણે રાગ-દ્વેષનો સર્વથા નાશ કર્યો છે તેવા ભગવાનના ચરણમાં રાગ કરવો તો ધીમે ધીમે સમતા આવે. આચાર્યશ્રી અમિતગતિ દેવે સામાયિક પાઠમાં ભગવાનના ચરણ વિશે કહ્યું છે કે,

**તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,**
**અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;**
**તદ્‌રૂપ થઈ તે દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,**
**તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો.**

આવા પ્રભુનું સ્મરણ માત્ર સવાર-સાંજ-બપોરે જ નહિ પરંતુ.

**ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સુમિરન કો ચાવ,**
**નરભવ સફલો જો કરે, દાન, શીલ, તપ ભાવ.**

ભગવાનના સ્મરણનું, તેમની ભક્તિનું ફળ સમતા છે. અને આવી સમતા જીવનમાં લાવવા માટે **ચાલશે - ભાવશે - ફાવશે અને ગમશે** આ સૂત્રને જીવનમાં વણી લેવું જરૂરી છે. સમયે સમયે થતા વિષમભાવોને રોકવાં. બીજાના દોષોને જોવાં નહિ તથા પોતાના રાઈ જેવડા દોષને હિમાલય જેવડો મોટો ગણવો. અંતરથી પોતાની જાતને સુધારવા માટે પ્રયત્ન કરવો. રોજ થોડીવાર ભગવાન સામે જોઈને શાંતિથી બેસવું, ચિંતન કરવું. જ્ઞાન- વૈરાગ્ય અને ભક્તિના અભ્યાસ વિના ધ્યાન થઈ શકતું નથી અને જેનું ધ્યાન કરવાનું છે તેનો પ્રથમ તો બોધ પામવો જોઈએ. પછી ધીરે ધીરે ચિંતનનો અભ્યાસ કરવાથી ધ્યાન સહજ થતું જાય છે. કૃપાળુદેવ કહે છે કે સત્સંગ વિનાનું ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સીધો આત્માનો અનુભવ થતો નથી. પોતાની જાતે, મતિ કલ્પનાએ, પાત્રતા વિના શાસ્ત્રાધ્યયન કરવું નહિ — કારણ કે ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. ગમ એટલે ગુરુગમ - ગુરુનો બોધ. તે ગમ ગચ્છતિ નહિ પણ ગમ ગમ્યતે - જ્ઞાન પ્રાપ્ત કરવું તે. પાત્રતા વિના જીવ શાસ્ત્રાધ્યયન કરીને તેનું અભિમાન કરી અનર્થ કરે છે. ઘણીવાર સંતનો સંગ કરે તો અસંગનો લક્ષ કરી શકે, તેનો અભ્યાસ કરી શકે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી કારણ કે તેમની પાસે અનુભવજ્ઞાન હોય છે. આવા સંતો લાકડા જેવા છે અને આપણે લોઢા જેવા છીએ પણ જો લોઢું લાકડાનો સંગ કરે તો તે પણ તેમની સંગે તરવા લાગે છે. લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી. લોકો કહે તેને ગૌણ કરવું તથા સદ્‌ગુરુદેવ તથા ભગવાન કહે તેને મુખ્ય કરવું. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. શ્રાવક અવસ્થામાં અસત્સંગ અને અસત્ પ્રસંગો ઓછાં કરવાં. મુનિ અવસ્થા થશે ત્યારે અસંગપણું થશે. પરંતુ પ્રારંભિક અવસ્થામાં એવો નિયમ લેવો કે મહિનામાં હું ઓછામાં ઓછા દશ દિવસ સત્સંગમાં ગાળીશ તથા સત્સંગ અનુગ્રહે સ્વચ્છંદ, મિથ્યાઆગ્રહ, પ્રમાદ અને વિષય લોલુપતા છોડીશ. આવું જો આપણે જીવનમાં સમજીએ, અનુસરીએ તો ધીમે ધીમે આત્માર્થી ઉત્તમ મુમુક્ષુ બને. ત્યારપછી વિચારદશા પ્રગટે અને વિચારદશાની પરિપક્વતા થાય પછી કોઈ મહાભાગ્યવાનને, મહત્ પુણ્યના ઉદયે, સદ્‌ગુરુ અનુગ્રહે અપૂર્વ અંતરસંશોધનથી આત્માનુભૂતિ થાય છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# રત્નત્રય

## સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર

(ક્રમાંક - ૨૩)

મણિભાઈ ઝ. શાહ

(ગતાંકથી ચાલુ...)

હવે **નિર્જરા તત્ત્વ** વિષે વિચારીએ.

નિર્જરા એટલે આત્મામાંથી કર્મોનું છૂટું પડવું. એ બે રીતે થાય છે : એક તો કર્મ ફળ આપીને ખરી જાય છે, એને **અકામ નિર્જરા** કહે છે. આ નિર્જરા તો હર-હંમેશ ચાલુ જ છે. એને વિષે વિચારીએ કે ન વિચારીએ – એ ક્રિયા તો કાયમ ચાલુ જ છે. આપણે માટે અગત્યની છે તે **સકામ નિર્જરા**. એટલે કે ફળ આપતા પહેલાં કર્મોનું આત્મામાંથી છૂટું પડવું. એટલે કે કર્મનું ફળ ભોગવવું જ ન પડે. આ થાય તો ધીરે ધીરે આત્મા કર્મથી મુક્ત થાય અને કાયમ માટે શુદ્ધ રહી અનંત આનંદનો અનુભવ કરે. આને આપણે મોક્ષ કહીએ છીએ.

આ જાણ્યા પછી દરેકને એમ થાય કે મારે પણ આવું જ થવું જોઈએ. પણ એ શી રીતે થાય તે જ્ઞાન મેળવી તે પ્રમાણે આચરણ કરીએ તો તેમ થાય.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે તપથી નિર્જરા પણ થાય છે. સંવર તો થાય છે જ પણ નિર્જરા પણ થાય છે. એટલે આ તપ વિષે યથાર્થ જ્ઞાન મેળવી તે પ્રમાણે આચરણ કરવું જોઈએ.

તપની વાત આવે ત્યારે ઘણા લોકો એમ કહે છે કે અમારાથી ઉપવાસ થતો નથી. ભૂખ્યા રહીએ તો ચક્કર આવે છે, પણ ખરેખર જોઈએ તો ઉપવાસ તો તપના બાર પ્રકાર પૈકીનો એક પ્રકાર છે અને તે પણ બાહ્ય તપ છે. એટલે બાકીના પ્રકારો વિષે પણ જાણવું જરૂરી છે.

કેટલીક વખત અનાયાસે ભૂખ્યા રહેવું પડે એટલે કોઈ કહે કે ચાલો, આજે ઉપવાસનું ફળ મળશે. પણ, ખરેખર એ સાચો ઉપવાસ નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે इच्छा निरोध तपः । એટલે ખાવાની ઈચ્છા રોકવી - ખાવાનું મળે તેમ હોય તો પણ – તે સાચું તપ છે.

કેટલાકનું એમ માનવું છે કે ચાલો, તપ (કોઈ પણ પ્રકારનું) કરીએ તો લાભ મળશે, મારું ધાર્યું કામ થઈ જશે !! પણ શાસ્ત્રમાં કહ્યું છે કે આવી અપેક્ષા સાથે તપ કરે તો મોક્ષરૂપી ફળ આપે નહીં. પૂજામાં આવે છે કે –

**"ઉત્તમ તપ નિર્વાંછિત પાલે,**
**સો નર કરમ શત્રુકો ટાલે."**

એટલે કે અમુક સાંસારિક ફળ મેળવવાની દૃષ્ટિએ પણ તપ કરવું યોગ્ય નથી.

હવે તપના પ્રકાર જોઈએ.

**બાહ્ય તપ :** (૧) અનશન, (૨) ઊણોદરી, (૩) રસપરિત્યાગ, (૪) વૃત્તિ પરિસંખ્યાન, (૫) વિવિક્ત શય્યાસન અને (૬) કાયકલેશ.

**અંતરંગ તપ :** (૭) પ્રાયશ્ચિત્ત (૮) વિનય (૯) વૈયાવૃત્ત (૧૦) સ્વાધ્યાય (૧૧) ધ્યાન અને (૧૨) કાયોત્સર્ગ.

બાહ્ય તપ અંતરંગ તપમાં જવા માટે મદદરૂપ બને છે એટલે એ પણ જરૂરી છે. હવે આ દરેક વિષે જોઈએ.

**(૧) અનશન :** આ શબ્દનો અર્થ છે ભૂખ્યા

રહેવું તે. દિવસમાં એક વાર ન ખાવું, કે આખો દિવસ કંઈ ન ખાવું કે એક કરતાં વધારે દિવસો કંઈ ન ખાવું, તે આ તપ છે. ભૂખ્યા રહેવાથી આપણને 'હું ભૂખ્યો છું' એવો વિચાર આવે છે. પણ ખરેખર તો આ તપ કરતી વખતે આ શરીર ભૂખ્યું છે અને મને (આત્માને) આની ખબર પડે છે. જ્યાં સુધી આ શરીરમાં હું હોઈશ ત્યાં સુધી મને ખબર પડશે. હું (આત્મા) ચાલ્યો જઈશ ત્યારે ભૂખ તો ઠીક, આ શરીરને બાળી મૂકશે તોય મને ખબર પડવાની નથી. આમ, દેહ અને આત્માની ભિન્નતા સમજવા માટે આ અને બીજાં બાહ્ય તપો ખૂબ ઉપયોગી છે. આના દ્વારા આત્મધ્યાન વગેરેમાં જઈ શકાય છે.

**(૨) ઊણોદરી :** જમતી વખતે પેટ ભરીને ન જમીએ અને ચાર-પાંચ કોળિયા ઊણાં રહીએ અને બીજા ભોજનના સમય સુધી બીજાું કંઈ ન લઈએ તે આ તપ છે.

**(૩) રસપરિત્યાગ :** જમવામાં કોઈ પણ એક કે વધારે રસ એ ભોજન પૂરતા છોડી દઈએ – એટલે કે તીખો, ખારો, ગળ્યો, ખાટો વગેરે કોઈ પણ જાતના રસ સિવાયનું ભોજન લેવું તે આ તપ છે. આનાથી ભોજન પ્રત્યેની આસક્તિ ઓછી થાય છે.

**(૪) વૃત્તિ પરિસંખ્યાન :** આપણી વૃત્તિ ઉપર સંયમ આવે તે માટે દિવસમાં અમુક જ વખત કંઈ પણ મોમાં મૂકીશ, અથવા જમતી વખતે બે, ત્રણ કે ચાર આઈટમ જ લઈશ એવો નિયમ કરવાથી ખોરાક પ્રત્યેની આસક્તિ ઓછી થાય છે. પણ આ વાતમાં વિવેકની જરૂર છે. કૃપાળુદેવ એક વખત કોઈ ઠેકાણે જમવા ગયેલા. ત્યાં બાજુવાળી વ્યક્તિએ શાક આવ્યું તો ના કહ્યું, પાપડ આવ્યો તો ના કહ્યું, ચટણી આવી તો ના કહી અને દૂધપાક આવ્યો તો વાડકો ભરીને પીધો. કૃપાળુદેવે કહ્યું કે બીજું છોડે છે તો આ છોડને ! પણ પેલા ભાઈમાં આવો વિવેક સમજવામાં જ આવ્યો નહોતો. એટલે આપણે આ તપ કરીએ તો એમાં વિવેકબુદ્ધિ વાપરવી જરૂરી છે.

**(૫) વિવિક્ત શય્યાસન :** એકાંતમાં બેસવું અથવા સૂવું – અમુક સમય માટે. તે વખતે કોઈની સાથે બોલવાનું નહીં. રેડિયો, ટેલિફોન, ટી.વી. વગેરે સાંભળવાનાં કે જોવાનાં નહીં. આ પ્રમાણે અમુક સમય ગાળવાનો નિયમ લઈ તે પ્રમાણે વર્તવાનું તે આ તપ છે.

**(૬) કાયક્લેશ :** ગરમીના દિવસો હોય, પંખો ચાલુ હોય ત્યારે દશ-પંદર મિનિટ પંખો બંધ કરીને બેસવું. આનાથી શરીરને તકલીફ થશે, પણ અગાઉ કહ્યું તેમ આ તકલીફ શરીરને થશે મને - આત્માને નહીં. આ તપ આત્મા અને દેહની ભિન્નતા સમજવા માટે જરૂરી છે.

આ બાહ્ય તપની વાત કરીએ ત્યારે જુદાં જુદાં લોકો ક્યારેક બહાનાં કાઢે છે કે - ભૂખ્યો રહીશ તો ચક્કર આવશે, ઊણોદરી કરીશ તો નોકરી પર કામ નહીં થાય, રસપરિત્યાગ કરીશ તો ઘરવાળાને એવી રસોઈ જુદી બનાવવી પડશે, વૃત્તિપરિસંખ્યાન કરી અમુક જ આઈટમ લઈશ તો બીજા માટે એ ખૂટી પડશે. આવાં બહાનાં કાઢવાની કેટલાકને ટેવ હોય છે. આ બાબતમાં મીયાં-બીબીની એક રમૂજી વાત જાણવા જેવી છે.

એમ મીયાંને ઘરની પોતાની કમાણીમાંથી પૂરું થતું નહોતું એટલે બીબીને કહ્યું કે તમે ચરખો કાંતવાનો કે એવો કંઈક ઉદ્યમ કરો તો આપણી આવકમાં વધારો થાય. બીબીને કામ કરવું નહોતું, પણ ના કહેવાની હિંમત નહોતી એટલે બહાનાં કાઢવા માંડ્યા. એ બોલી ''કાં રે કાંતુ મીયાં ચરખો મિલે ના.'' મીયાંએ કહ્યુ ''એ હી કમાડ તુડવાકર તેરા ચરખા બનવાઉંગા.'' બીબીએ કહ્યું, ''કાં રે કાંતુ મીયાં, તરાક મિલે ના.'' મીયાંએ કહ્યું, ''યે હી કટાર તુડવાકર તેરી તરાક બનવાઉંગા.'' બીબીએ

પાછું બહાનું કાઢ્યું, અને બોલી, "કાં રે કાંતુ મીયાં માળ મિલે નાં." મીયાંએ કહ્યું, "યે હી નાડી તુડવાકર તેરી માળ બનવાઉંગા." બીબીએ પાછો વિચાર કરીને કહ્યું, "કાં રે કાંતુ મીયાં, પુણી મિલે ના,", મીયાંએ કહ્યું, "યે હી દાઢી કટવાકર પુણી બનવાઉંગા." બીબીએ ફરી વિચાર કરીને કહ્યું, "કાં રે કાંતુ, મીયાં, કમર દુઃખેગી." મીયાંએ તરત કહ્યું, "યે હી ધોકા લગાકર, તેરી કમર મીટેગી" પછી તો બીબી કંઈ બોલી શકી નહીં. આપણે બહાનાં કાઢીએ એટલે ભગવાન તો ધોકો મારવાના નથી, પણ આપણા કરમ જ આપણને ધોકા મારશે.

ટૂંકમાં બહાના કાઢ્યા સિવાય ભગવાને કહ્યું છે તે પ્રમાણે કરવું.

આપણામાં જેટલી શક્તિ હોય તેટલું તપ કરવું. શાસ્ત્રમાં કહ્યું છે કે તપ અને ત્યાગ (દાન વગેરે) શક્તિ પ્રમાણે કરવાં પણ સાથે સાથે એ પણ કહ્યું છે કે શક્તિ છુપાવ્યા સિવાય કરવાં.

હવે અંતરંગ તપ વિષે આવતા અંકમાં વિચારીશું. **(ક્રમશઃ)**

• • •

## પુસ્તક સમાલોચના – સ્વીકાર

**- મિતેશભાઈ એ. શાહ**

### પુસ્તકનું નામ : प्रज्ञा संचयन (हिन्दी)

સંપાદક - અનુવાદક : પ્રો. પ્રતાપકુમાર જ. ટોલિયા, સુમિત્રા પ્ર. ટોલિયા

આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૧ પાના : ૧૪૩ કિંમત : રૂા. ૧૫૧/-

પ્રકાશક : જિનભારતી, વર્ધમાન ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,

પ્રભાત કોમ્પલેક્ષ, કે. જી. રોડ, બેંગ્લોર - ૫૬૦૦૦૯

આકર્ષક મુખપૃષ્ઠ, આધુનિક પ્રિન્ટીંગ તથા સારા કાગળનો ઉપયોગ થયો છે. આ પુસ્તકમાં પદ્મભૂષણ પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીના કેટલાક પસંદ કરેલ શ્રીમદ્ રાજચંદ્રજી, મહાત્મા ગાંધીજી તથા જૈન દર્શનવિષયક ચિંતનપૂર્ણ લેખોના હિન્દી અનુવાદ પ્રસ્તુત કરવામાં આવેલ છે. પંડિતજીના મહત્ત્વપૂર્ણ લેખોને સાહિત્ય, સંગીત અને ધ્યાનમાર્ગના સાધક આદ. પ્રો. પ્રતાપકુમાર ટોલિયા તથા તેઓના વિદૂષી ધર્મપત્ની સુમિત્રાબેને હિન્દી ભાષામાં અનુવાદ કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે અને તે દ્વારા જૈનદર્શન, સાહિત્ય તથા સમાજની મોટી સેવા કરી છે.

---

### પુસ્તકનું નામ : पारुल - प्रसून (हिन्दी)

લેખક : સ્વ. કુ. પારુલ ટોલિયા, પ્રા. પ્રતાપકુમાર ટોલિયા

પ્રકાશન વર્ષ : ૨૦૦૭ પાના : ૩૨ કિંમત : રૂા. ૨૫/-

પ્રકાશક : જિનભારતી, વર્ધમાન ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,

પ્રભાત કોમ્પલેક્ષ, કે. જી. રોડ, બેંગ્લોર - ૫૬૦૦૦૯

આ પુસ્તકમાં ચિ. પારુલનું અલ્પ વયમાં દેહાવસાન થવાથી સંવેદનશીલ પિતાના હૃદયમાંથી પોતાની પુત્રી માટે જે કાવ્યો સરી પડે છે તેનું વર્ણન છે. આ ઉપરાંત સ્વ. પારુલે લખેલા ૧૧ કાવ્યોનો સંગ્રહ પણ સામેલ છે.

પરમનો સ્પર્શ - ૩૯

# અધ્યાત્મ અને ઉત્સાહ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

તમારી આસપાસની વ્યક્તિઓનાં જીવનની શૈલી જરા ઝીણવટથી જોજો. કેટલીક વ્યક્તિ વાત કરતી હોય ત્યારે, હંમેશાં ઉશ્કેરાટથી વાત કરતી હોય છે. એ કંઈ પણ કહે, તો એની પાછળ એનો ઉશ્કેરાટ પ્રગટ થતો હોય છે. પરિસ્થિતિ કદાચ ઉશ્કેરાટભરી ન હોય, તો પણ એની રજૂઆત હંમેશાં ઉત્તેજનાપૂર્ણ હોય છે.

કોઈ પણ બાબતનો પ્રતિભાવ એવી રીતે આપશે કે તમને એમાં ભારોભાર ઉત્તેજના અને ઉશ્કેરાટ જણાશે. એ કહેશે કે 'આજે મહેમાન આવ્યા અને હું મૂંઝાઈ ગઈ. શું કરવું તે સમજાતું નથી. ત્યાં જ નાસ્તો વેચનારો નીકળ્યો અને એની પાસેથી નાસ્તો લીધો, મહેમાનને આપ્યો. 'હાય બાપ, આ નાસ્તો ન હોત તો શું થાત ?' આવી વ્યક્તિ એના આનંદનો અનુભવ પણ ઉશ્કેરાટભરી રીતે, 'હાઈ પિચ'થી વ્યક્ત કરતી હોય છે.

કેટલીક વ્યક્તિઓ વક્રૅષ્ટા હોય છે. એમને તમે કહો કે વાતાવરણ કેવું સરસ છે ? એ કહેશે કે વાતાવરણ ભલે સરસ હોય, પણ ઠંડી લાગે છે. આવી વ્યક્તિ હંમેશાં તમારી વાતનો પ્રથમ તો અસ્વીકાર જ કરશે, કારણ કે એને અન્ય વ્યક્તિનો ઉત્તર આપતાં પહેલાં વિચાર કરવાની ટેવ નથી. માત્ર જે કંઈ કહેવાય, એની પ્રતિક્રિયા રૂપે એનો વિરોધ કરવાની આદત હોય છે.

કેટલીક વ્યક્તિઓ દોષદર્શી હોય છે. કોઈ પણ વ્યક્તિ, પરિસ્થિતિ, પ્રદેશ કે દેશની વાત કરો, તો એ તરત જ તમારી સન્મુખ એનો કોઈ ને કોઈ દોષ શોધીને ધરી દેશે.

**આ બધામાં સૌથી વધુ નુકસાનકારક કોઈનું વ્યક્તિત્વ હોય તો તે નિસ્તેજ, માંદલું અને સ્થગિત જીવન જીવનારી વ્યક્તિનું છે.** આવી વ્યક્તિઓ ચેપી રોગ જેવી હોય છે કે જે સતત એના બંધિયાર જીવન અને સંકુચિત વિચારણાનાં ચેપી જંતુઓ તમને આપતી રહે છે. એમનામાં જીવનનો ઉત્સાહ સદંતર મરી પરવાર્યો હોય છે. એમની વાતચીત કરવાની રીત પણ એવી હોય છે કે એમ લાગે કે બિચારાના મુખમાંથી શબ્દો પણ માંડ માંડ નીકળી રહ્યા છે. વર્તમાન જીવન પ્રત્યે તેઓ તદ્દન નિરસ હોય છે અને જે રીતે વર્ષોથી જીવતા આવ્યા હોય, એ જ ઘરેડમાં એ જીવતા હોય છે. એમના હૃદયમાં ન કોઈ ઉત્સાહ હોય છે, વિચારમાં ન કોઈ તેજ કે મૌલિકતા હોય છે. એમનું જીવન સરોવરનાં જળ જેવું બંધિયાર હોય છે અને તેથી જ તેમાં સમય જતાં લીલ-કચરો જામી ગયાં હોય છે. નદીના પ્રવાહની જેમ આગળ વધવાનું કોઈ ચૈતન્ય એમનામાં હોતું નથી. આને પરિણામે એવું બને છે કે આવા લોકો કોઈ પણ બાબતનો પ્રતિભાવ આપવા માટે ઉત્સુક હોતા નથી. એમને જીવનથી ભારોભાર કંટાળો હોય છે અને આવા કંટાળાને કારણે નિષ્ક્રિય બની ગયા હોય છે. **આવી સ્થગિતતા એ અભિશાપ છે અને એવી સ્થગિતતાને કારણે જ એમનું જીવન સરોવરના સ્થગિત જળની જેમ સમય જતાં ગંદકીથી દુર્ગંધમય બની જાય છે.**

ખળખળ વહેતું ઝરણું કેવું ઉત્સાહથી આગળ ધપતું હોય છે ! આવા ચેતનવંતા ઉત્સાહનો અભાવ વ્યક્તિને સ્થગિત બનાવી દે છે. એવું પણ બને છે કે વ્યક્તિ એક સમયે અત્યંત

ઉત્સાહી, કાર્યનિષ્ઠ, મૌલિક વિચારોવાળી અને પ્રગતિશીલ હોય અને પછી એક સમય એવો પણ આવે છે કે જ્યારે એ એટલી બધી સ્થગિત થઈ જાય કે એનો ઉત્સાહ ઓગળી જાય છે. કાર્યનિષ્ઠાને અભરાઈએ મૂકી દે છે. મૌલિક વિચારધારાને બદલે સંકુચિત વિચારધારામાં ખોવાઈ જાય છે અને પ્ર-ગતિ કરવાને બદલે જ્યાં હોય ત્યાં ઊભા રહેવાનું વિચારે છે. તેઓ પોતે એક ડગલું આગળ ચાલતા નથી અને બીજો કોઈ એક ડગલું આગળ વધવાનો વિચાર કરે, તો એને બે ડગલાં પાછળ ધકેલી દે છે. આમાં એમનો દોષ નથી, પરંતુ એમને લાગેલા સ્થગિતતાના શાપનો દોષ છે.

કોઈ વેપારી પેઢીના શેઠને જોજો. પચીસ વર્ષ પહેલાં જે પ્રકારે ગાદી-તકિયે બેસતા હતા, એ જ પ્રકારનાં ગાદી-તકિયા પર બેસતા હોય છે. કોઈ બૅંકના 'નિર્જીવ' કારકુનને જોશો તો જણાશે કે એમનામાં કામ કરવાની કોઈ ધગશ નથી. એવી પણ ધાર્મિક વ્યક્તિઓ મળશે કે જે માત્ર ગતાનુગતિકતાથી વિચારતી હોય, આંખો મીંચીને ચાલતી હોય, પોતાની સમજને બદલે અંધમાન્યતાથી જીવતી હોય. ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓને જોજો કે જેઓ ધર્મને નામે સ્થગિતતાને પુરસ્કારતા હોય છે. એમને પોતાની પ્રત્યેક બાબત ધર્મપૂર્ણ લાગે છે અને સામેની વ્યક્તિના પ્રત્યેક વિચારમાં અધર્મની બદબૂ આવે છે.

માણસનો 'માંહ્યલો' જ મરી ગયો હોય છે એનું કારણ શું ? કારણ એટલું જ કે એ પોતે જિંદગીમાં 'જૈસે થે'નો ઉપાસક બની ગયો હોય છે. નવું વિચારવાની દૃષ્ટિની વાત તો દૂર રહી, પરંતુ ધગશભેર જીવવાની એની વૃત્તિ પણ નષ્ટ થઈ ગઈ હોય છે. જો બીજમાંથી વૃક્ષ જ ન થાય, તો એ બીજનો અર્થ શું ? **આવી સ્થગિત વ્યક્તિઓ જે ખાડામાં બીજ રૂપે નખાઈ હોય, તે જ ખાડામાં જીવનભર બીજ બનીને પડી-સડી રહે છે.**

વ્યક્તિ જીવન તરફ નિરુત્સાહી બનીને જોતી હોય છે ત્યારે આવી પરિસ્થિતિ સર્જાય છે. એનો ઉત્સાહનો અભાવ એવો હોય છે કે એ બીજાના ઉત્સાહ પર હંમેશાં ઠંડું પાણી રેડતો હોય છે. કોઈ નવો વિચાર લઈને જાય, તો કાં તો એનો અસ્વીકાર કરશે અથવા તો એની હાંસી ઉડાવશે. એનું કારણ એ છે કે એના હૃદયમાંથી ઉત્સાહનો આતશ ઓલવાઈ ગયો છે. વ્યક્તિ પ્રગતિ કરવા ચાહતી ન હોય, કોઈ નવું સર્જન કરવા માગતી ન હોય, ત્યારે તે ઉત્સાહ દાખવવાનું બંધ કરે છે અને ધીરે ધીરે ઘરેડવાળા જીવનમાં સરી પડે છે. ઉત્સાહનાં સોપાન પર જ પ્રગતિ સિદ્ધ થઈ શકે છે. **નિરુત્સાહી વ્યક્તિ જીવનમાં હંમેશાં પીછેહઠ કરતી હોય છે.**

તમારા જીવનમાં આવી સ્થગિતતા આવી છે ખરી ? દામ્પત્યજીવન રગશિયું ગાડું બની ગયું છે કે પછી એમાં સાથે જીવવાનો ઉત્સાહ છે ? જ્ઞાનના પૂર્ણવિરામ પર આવીને ઠરી ગયા છો કે પછી જિજ્ઞાસાનું અલ્પવિરામ રાખીને વધુ ને વધુ જ્ઞાન સંપાદિત કરો છો ? માત્ર રૂઢિ કે આડંબરને કારણે મંદિરમાં દર્શન કરવા જાઓ છો કે પછી દર્શન કરવા માટે ભીતરની તડપન હોય છે. રોગના ભયથી બચવા માટે વ્યાયામ કરો છો કે પછી વ્યાયામ કરવાનો ઉત્સાહ છે ?

**ચીલાચાલુ ઘરેડમાં જીવવાની વૃત્તિ પહેલી બાદબાકી એમાંથી પ્રાપ્ત થતા આનંદની કરશે અને બીજો છેદ ઉડાડશે એ સંબંધોમાં રહેલી ઉષ્મા અને ઉત્સાહનો.** પતિ-પત્ની ઘરની ચાર દીવાલોમાં એકસાથે જીવતાં હશે, પરંતુ એમની વચ્ચે મોટી દીવાલ ઊભી થઈ ગઈ હશે. ઘડપણમાં કશું કામ રહ્યું નથી, માટે 'ચાલો, મંદિરે જઈએ' એમ માનીને એ મંદિરે

**(અનુસંધાન પાના નં. ૨૦ પર...)**

## શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૭૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવ વચનામૃત પત્રાંક-૨૧ માં વચનામૃત શીર્ષક સાથે ૧૨૬ વચનામૃત આલેખે છે. અધ્યાત્મગિરામાંથી વહેતા વચનામૃતો મુક્તિશીલામાં પહોંચાડે તેવાં છે. (૨૮) આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે, જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે. (૨૯) યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં. (૩૦) અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે – ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી. (૩૧) રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઈ લેવો. (૩૨) નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે. (૩૩) જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી; જ્યાં 'તું' માને છે ત્યાં 'તું' નથી. (૩૪) હે જીવ ! હવે ભોગથી શાંત થા, શાંત. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે ? (૩૫) બહું કંટાળીને સંસારમાં રહીશ નહીં. (૩૬) સત્‌જ્ઞાન અને સત્‌શીલને સાથે દોરજે. વગેરે વચનામૃતોમાં અપૂર્વ ગહનતા અને ગરિમા છુપાયેલી છે.

શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત 'પદ્મનંદિ પંચવિંશતિઃ' ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણના શ્લોકોનું આંશિક આચમન કરી રહ્યા છીએ. તેના શ્લોક ૭૮ માં કહેવાયું કે જે સાધુજનોએ સંસારરૂપી સમુદ્ર પાર જવામાં અદ્વિતીય પુલ સ્વરૂપ આ ઉપદેશનો આશ્રય લીધો છે તેમના ઉત્તમ સમાધિવિધિની સમીપતાથી નિશ્ચલ બનેલ અંતઃકરણમાં શું મળને લેશ પણ સ્થાન પ્રાપ્ત થઈ શકે છે ? અર્થાત્ પ્રાપ્ત થઈ શકતું નથી. ઉત્તમ શ્લોક પછી શ્લોક ૭૯ માં લખે છે કે –

आत्मा भिन्नस्तदनुगतिभत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः सापि भिन्ना तथैव ।
कालक्षेत्र प्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे भिन्नं
भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत् ।। ७९ ।।

અર્થાત્ આત્મા ભિન્ન છે. તેને અનુસરનાર કર્મ મારાથી ભિન્ન છે. આ બંનેના સંબંધથી જે વિકારભાવ ઉત્પન્ન થાય છે તે પણ તે જ પ્રકારે ભિન્ન છે. તથા અન્ય પણ જે કાળ અને ક્ષેત્ર આદિ છે તેમને પણ ભિન્ન માનવામાં આવ્યા છે. પોતાના ગુણો અને કળાઓથી વિભૂષિત સર્વ ભિન્ન ભિન્ન જ છે.

આત્મા ભિન્ન છે, કર્મ ભિન્ન છે, વિકારભાવ પણ ભિન્ન છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. કારણ કે દરેક દ્રવ્ય તેના દ્રવ્ય, ગુણ, પર્યાયથી સત્ છે. જે સત્ છે તે દરેક ભિન્ન ભિન્ન હોય... દરેક સત્ છે. દરેકનું હોવાપણું છે. દરેક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. દરેક દ્રવ્ય સ્વયંના ગુણ અને સ્વયંની કળાઓથી વિભૂષિત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. સ્વયંથી શોભાયમાન છે.

आत्मा भिन्नं – આત્મા ભિન્ન છે. **વિશ્વમાં છ દ્રવ્ય હયાતિ ધરાવે છે : જીવદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય, કાળ અને પુદ્‌ગલ દ્રવ્ય. છ દ્રવ્યમાં પાંચ અસ્તિકાય છે. કાળનો સમાવેશ અસ્તિકાયમાં નથી.** તેથી પંચાસ્તિકાય કહેવાય છે. તેમાં પુદ્‌ગલ દ્રવ્ય રૂપી દ્રવ્ય છે.આ દરેક દ્રવ્ય ભિન્ન છે. સ્વતંત્ર છે. સ્વાધીન છે. નિરપેક્ષ છે. સહુ સ્વસ્વભાવ લઈને બેઠા છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં

વિક્ષેપ કરતાં નથી. શ્રી પદ્મનંદિ આચાર્ય કહે છે કે પોતાના ગુણો અને કળાઓથી અલંકૃત છે. આત્મ ભિન્ન છે. 'છ પદના પત્ર'માં કહ્યું છે કે **આત્મા છે, નિત્ય છે, વિભાવભાવે કર્મનો કર્તા છે, વિભાવભાવે કર્મનો ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે.** આત્મા અનંતશક્તિનો ધારક છે. અસંખ્યાત પ્રદેશી છે. આબાલ ગોપાલ સહુને જાણવામાં આવે એવો પરમ શુદ્ધ ચૈતન્યમય છે. તે અન્ય દ્રવ્યોથી ભિન્ન છે. સ્વતંત્ર આભૂષણથી ભૂષિત છે.

कर्म भिन्नं — કર્મ ભિન્ન અસ્તિત્વ ધરાવે છે. સંયોગ — સંબંધે આત્મા સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ છે પણ ખરેખર ભિન્ન છે. કર્મ અચેતન છે. કર્મ ત્રણ પ્રકારના, આઠ પ્રકારના અને અનંત પ્રકારના છે. આત્માની વિભાવ ઉપસ્થિતિમાં કર્મ બંધાય છે અને સ્વભાવમાં સ્થિર થતાં તે નાશ પામે છે. કર્મ અને આત્માના લક્ષણો તેમજ ગુણો ભિન્ન છે. કર્મ જડસ્વરૂપે છે.

**"જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,**
**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;**
**સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,**
**અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે."**

એવો વસ્તુનો સ્વભાવ છે, જે ત્રિકાલ અબાધિત નિયમ છે.

विकृतिः सापि भिन्नाः - વિભાવભાવ પણ ભિન્ન છે. સ્વભાવભાવ અને વિભાવભાવ બંને ભિન્ન છે છતાં વિભાવભાવ જડવસ્તુમાં એટલે ઘર-પટ કે કાષ્ટમાં થતો નથી. આત્માનો વિભાવભાવ છે. છતાં એકબીજા ક્યારેય એકમેક થયા નથી, થશે નહિ, વર્તમાનમાં પણ ભિન્ન છે.

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.

**- આત્મસિદ્ધિશાસ્ત્ર-૧૨૧**

**સ્વભાવભાવ સાથે વિભાવભાવ ત્રિકાળ રહે તો સ્વભાવવિભાવ એક કહેવાય પણ વિભાવ નષ્ટ પામે છે અને સ્વભાવ રહે છે માટે બંને ભિન્ન હોય તો જ આમ બને એમ સિદ્ધાન્ત છે.** નોકર્મ તેના બે ભેદ પાડીએ તો એક અબદ્ધ નોકર્મ. ઘર, જમીન, પરિવાર વગેરે અબદ્ધ નોકર્મ છે. શરીર તે બદ્ધ નોકર્મ છે. દ્રવ્યકર્મ — જે આઠ પ્રકારે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય — તથા ભાવકર્મ — રાગ અને દ્વેષનું પરિણમન. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી આત્મા ભિન્ન છે, જે પત્રાંક - ૯૧૩ માં ઉત્તમ રીતે વર્ણવાયું છે.

**ધર્મદ્રવ્ય** તે ચાલવામાં સહાય કરે છે. તે નિમિત્ત રૂપે, પણ છે તો આત્માથી ભિન્ન. **અધર્મ દ્રવ્ય** સ્થિર રહેવામાં સહાય કરે પણ નિમિત્ત રૂપે, **આકાશ દ્રવ્ય** અવગાહના આપે પણ નિમિત્ત રૂપે અને **કાળ** તે વર્તનાગુણ છે. આ રીતે દરેક દ્રવ્યનો સ્વતંત્ર ગુણ છે તથા **પુદ્‌ગલ દ્રવ્ય** — રૂપી છે. ગળવું અને મળવું તેનો સ્વભાવ છે. વર્ણ, ગંધ, રસ, રૂપ વગેરે તેના ગુણ છે. તેથી દ્રવ્યથી અને ગુણથી ભિન્નતા છે.

कालक्षेत्र प्रमुखमपि भिन्नं - ક્ષેત્રથી પ્રત્યેક દ્રવ્ય ભિન્ન છે. દરેક દ્રવ્યનું ક્ષેત્ર સ્વક્ષેત્ર છે અને કાળથી ભિન્ન સ્વયં સ્પષ્ટ છે. દરેક દ્રવ્ય તેના તેના કાળે પરિણમે છે. निजगुणकला अलंकृतं - આચાર્યશ્રી ફરમાવે છે કે સ્વકળાથી સુશોભિત — અલંકૃત છે.

**આ પ્રકારની ભિન્નતાથી દ્રવ્યની સ્વતંત્રતા સિદ્ધ થાય છે. આમાં સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય પણ સ્વતંત્ર છે, એવો સિદ્ધાંત છે.** ષટ્‌કારક સ્વતંત્રપણે પરિણમે છે એ વિષય પણ ચિંતનીય છે.

**જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.**

પરમકૃપાળુદેવની સૂક્ષ્મ ચેતનામાંથી પ્રગટેલી આ સરસ્વતી છે. ત્રિકાલ અબાધિત સિદ્ધાંત છે. **પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે અસંબંધ છે. આ મર્મ હૃદયગત થતાં રાગ-દ્વેષની પરિણતિ સહજ મંદતાને પામે છે. અનુક્રમે નષ્ટ થાય છે.** સમયસાર ગ્રંથની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે કે પરદ્રવ્ય છેદાઓ અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ અથવા નષ્ટ થઈ જાઓ અથવા ગમે તે રીતે જાઓ તો પણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહુ, કારણ કે પરદ્રવ્ય મારું સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી. પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે. પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે. હું જ મારું સ્વ છું, હું જ મારો સ્વામી છું એમ હું જાણું છું. આ સૂક્ષ્મતાને ઊંડાણથી ચિત્તપ્રદેશે બેસાડી - પ્રયોગરૂપે પરિણમન કરવું.

આ સિદ્ધાંતને સ્વીકારતાં – ઉપદેશ પરિણમેલો હોય તો તેનું પ્રયોજનસિદ્ધ રૂપ કાર્ય થાય છે. માત્ર ક્ષયોપશમ જ્ઞાનથી બધી વસ્તુ સમજાઈ જાય, કે બાહ્ય બુદ્ધિમાં બેસી જાય તો દરેક દ્રવ્યની ભિન્નતાની ભાષા આવે પણ આત્માના આનંદ ગુણનું પરિણમન કેમ થઈ શકે ? તે માટે તો પ્રામાણિક અને રુચિપૂર્વકનો પ્રયત્ન જોઈએ. વસ્તુ સહજ છે. સાથે પ્રયત્ન પણ રહ્યો છે. જ્ઞાનીપુરુષો કહે છે કે પ્રયત્નસાધ્ય સહજ છે.

જેવી રીતે રત્નાકર એટલે સમુદ્રમાં અનેક રત્નો હોય છે, તેવી રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રવચનરૂપ સમુદ્રમાં પરમાત્માના નામ રૂપી અનેક રત્નોનો સમૂહ ભરપૂર વિદ્યમાન છે. તેમાંથી સારી રીતે પરીક્ષા કરીને સર્વમાં ઉત્તમ અને અમૂલ્ય એવું આ શુદ્ધ ચિદ્રૂપ નામનું રત્ન મેં ગ્રહણ કર્યું છે એવું શ્રી જ્ઞાનભૂષણજી કહે છે. **રત્નના ગ્રહણ સાથે પુરુષાર્થ સમાયેલો છે. માત્ર કલ્પનાથી કાર્ય થતાં નથી. તેથી પાર્શ્વભૂમિમાં ગુરુગમ અને આજ્ઞાનું આરાધન નિહિત છે.** કોઈ સ્વચ્છંદથી પરમ નિશ્ચયની વાતને એકપક્ષીય ગ્રહણ કરી તો સત્ય વાત હોવા છતાં બરાબર નથી. ભૂમિકા પ્રમાણે ગ્રહણ થાય તો સોનામાં સુગંધ ભળે છે.

**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદ માર્ગનો કે ઉત્સર્ગ માર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના માર્ગમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.** પણ જો એકાન્ત ઉત્સર્ગની કે એકાન્ત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી... આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર અને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. સદ્‌ગુરુના ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવા રહસ્યોથી ભરપૂર વાકયોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળમાર્ગને શોધી કાઢે છે - આ પરાવાણી પૂ. બેનશ્રી ચંપાબેનની છે.

"જયાં જયાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ" – એ વચનને દૃષ્ટિમાં રાખી, તેનો રહસ્યમય અર્થ સ્વીકારી ત્યાં ત્યાં આત્માર્થી આચરણના પક્ષમાં આવે છે. પછી પક્ષ છેદાતાં નિરપેક્ષમાં સ્થિતિ પામે છે.

વચનામૃત પત્રાંક ૮૩૨ માં સમાધિગિરા છે, "દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જયોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો. સર્વ જગતના જીવો કંઈને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે."

**(ક્રમશઃ)**

# બાર ભાવના - એક અનુચિંતન

**(ક્રમાંક - ૧૨)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

## બોધિદુર્લભભાવના

આ અંકમાં સત્ય ધર્મનો બોધ પામવો અત્યંત દુર્લભ છે એવી 'બોધિદુર્લભભાવના'નું ચિંતવન કરીશું.

**વ્યાખ્યાઓ :**

- સંસારમાં ભમતાં આત્માને સમ્યક્‌જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે; વા સમ્યક્‌જ્ઞાન પામ્યો તો ચારિત્ર સર્વવિરતિપરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે એમ ચિંતવવું તે બોધદુર્લભ ભાવના.
  **- શ્રીમદ્ રાજચંદ્ર**
- धन कन कंचन राज सुख, सबहि सुलभ कर जान,
  दुर्लभ है संसारमें, एक यथारथ ज्ञान ।
  **- कविवर भूधरदासजी**
- सब व्योहार क्रिया का ज्ञान, भयो अनन्ती बार प्रधान,
  निपट कठिन 'अपनी' पहचान, ताको पावत होत कल्याण ॥
  **- कविवर बुधजनजी**
- अंतिम ग्रीवकलों की हद, पायो अनन्त बिरियाँ पद,
  पर सम्यकज्ञान न लाध्यो, दुर्लभ निज में मुनि साध्यों ।
  **- श्री छ ढाला**
- जागे मम दुर्लभ बोधि प्रभो, दुर्नय तम सत्वर टल जावे,
  बस ज्ञाता दृष्टा रह जाउं मद मत्सर मोह विनस जावे ।
  **- श्री देव-शास्त्र-गुरु जयमाला**
- સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર સ્વરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે. તે અત્યંત દુર્લભ છે. જો તે કોઈ પણ ઉપાયે પ્રાપ્ત થઈ જાય તો પછી તેના વિષયમાં મહાન પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે રત્નત્રયસ્વરૂપ બોધિની પ્રાપ્તિની દુર્લભતાનો વિચાર કરવો, એ બોધિદુર્લભભાવના છે. **- શ્રી પદ્મનંદિ પંચવિંશતિ**

જે ઉપાયથી રત્નત્રય (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા) ની ઉત્પત્તિ થાય તે ઉપાયનું ચિંતન કરવું તેને દુર્લભબોધિભાવના કહે છે.

**વિશેષ વિચારણા :**

સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન ને સમ્યક્‌ચારિત્રની એકતારૂપ શુદ્ધ પરિણતિ'બોધિ' છે, તેની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. અનાદિકાળ આ જીવ નિગોદમાં રહ્યો. ત્યાંથી નીકળી પૃથ્વીકાય આદિમાં એકેન્દ્રિય બન્યો — આ પર્યાય પામવી પણ દુર્લભ છે. આ પર્યાયમાં અસંખ્યાત કાળ રહ્યા પછી ત્રસ પર્યાયમાં — બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિયપણું પામ્યો, જ્યાં તે કરોડો પૂર્વ રહ્યો. ત્યાંથી નીકળી મહાકષ્ટેથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યું કે જે અતિ અતિ દુર્લભ છે. વળી, પંચેન્દ્રિયમાં પણ મનસહિત પંચેન્દ્રિયપણું તેથી પણ દુર્લભ કહ્યું છે. મનસહિત પંચેન્દ્રિયપણું તિર્યંચ પર્યાયમાં પામે તો ત્યાં બોધ પામવો બહુ જ દુર્લભ છે. અંતમાં આચાર્યશ્રી કાર્તિકેયસ્વામી કહે છે કે તિર્યંચમાંથી નીકળી મનુષ્યપણું પ્રાપ્ત કરવું મહાદુર્લભ છે.

મનુષ્યપર્યાય - આર્યખંડમાં જન્મ - ઉચ્ચકુળ - સાધનસંપન્નતા (સંપત્તિ આદિ) - ઈન્દ્રિયોની પૂર્ણતા - નીરોગીપણું - દીર્ઘાયુ - ભદ્ર સરળ સ્વભાવ - સદાચારયુક્ત ઉત્તમ સ્વભાવ - સત્સંગનો યોગ એક એકથી દુર્લભ છે. વિશિષ્ટ પુણ્યનો યોગ હોય તો જ સદ્‌ગુરુનો સમાગમ થાય અને વિવેક, વિચાર અને વૈરાગ્ય દ્વારા અપ્રતિમ પુરુષાર્થ કરે તો અતિ દુર્લભ એવું સમ્યગ્દર્શન (રત્નત્રય રૂપ ધર્મરત્ન) પ્રાપ્ત થાય છે.

જેમ મહાસમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પ્રાપ્ત કરવું દુર્લભ છે, તેમ આ મનુષ્યપણું પામવું દુર્લભ છે એવો નિશ્ચય કરી હે ભવ્ય જીવો ! ખોટી માન્યતા અને કષાયો (રાગ-દ્વેષ રૂપ વિભાવ ભાવો) છોડો એવો સર્વ

જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે. પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે —

**"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકકે ટળ્યો."**

રત્નત્રયની પૂર્ણ પ્રાપ્તિ (પરમાત્મપદ) મનુષ્યભવમાં જ થાય છે. મનુષ્યગતિમાં જ તપ, વ્રત, સંયમ ગ્રહણ કરીને મોક્ષ પામી શકાય છે. આવો દુર્લભ મનુષ્યભવ પામીને પણ જે જીવ વિષયોમાં પ્રીતિ-આસક્તિ કરીને મનુષ્યભવને વેડફી નાખે છે, તે જીવ રાખ મેળવવા દિવ્યરત્નને બાળીને ભસ્મ કરી નાખે એવો મૂર્ખ છે.

આપણે વિવેકપૂર્ણ વિચારવું જોઈએ કે બોધિતત્ત્વ-સમ્યક્ત્વ મારો આત્મિક ગુણ છે. મારી સત્શ્રદ્ધારૂપ પરિણતિ છે, જેના વડે અનાદિનું પરિભ્રમણ ટળીને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે. આવું મહિમાવાન રત્ન મળ્યા પછી હવે જગતના પદાર્થોમાંથી સુખ મેળવવાની આકાંક્ષા મારે શા માટે કરવી ? આ બોધિરત્ન પ્રાપ્ત થયે મને આત્મિક આનંદ મળવાનો જ છે — જે ક્રમે કરીને શાશ્વત સુખ આપનાર છે. આ જીવ જ્યારે સત્પાત્રતા પ્રગટ કરી સદ્ગુરુનો શોધ કરે છે અને સદ્ગુરુ મળતાં તેને અત્યંત અહોભાવ આવે છે. તેમની નિશ્રામાં રહી સત્સંગની ઉપાસના કરે છે. પોતાના દોષો ત્યાગી એકનિષ્ઠાથી સત્સંગ કરતાં કરતાં તેને અપૂર્વ એવું બોધિરત્ન પ્રાપ્ત થાય છે. "દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે." - **શ્રી રા.વ.પ.-૩૩૦**

સાધક ગમે તેટલા વિઘ્ન આવે તો પણ પોતાના ધ્યેયથી ડગતો નથી અને ધીરજ રાખી સત્પુરુષાર્થ કર્યા જ કરે છે, જે દ્વારા તે સમ્યક્ રત્નત્રય રૂપ બોધિરત્ન પ્રાપ્ત કરી લે છે; જેથી તેને અપૂર્વ આત્મિક આનંદ અનુભવમાં આવે છે. તે આનંદ એવો અલૌકિક, અદ્ભુત અને અનહદ હોય છે કે તે પ્રાપ્ત કર્યા પછી સાધક જીવ વિશેષ આનંદની અનુભૂતિ કરવા માટે ચારિત્ર ગ્રહણ કરે છે કે જેથી કેવળજ્ઞાન પ્રગટ કરીને અનંત આનંદ અને અનંત અતીન્દ્રિય સુખ અનંતકાળ માટે પ્રાપ્ત કરી લે છે.

**दंसणं मूलो धम्मो । चारित्तं खलु धम्मो ।**

"ચારિત્ર છે તે ધર્મ છે ને ધર્મ છે તે સામ્ય છે,
ને સામ્ય જીવનો મોહ ક્ષોભ વિહીન નિજ પરિણામ છે."
**- આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસ્વામી**

પ્રથમ એકદેશ ચારિત્ર, પછી સકળ ચારિત્ર ગ્રહણ કરી ધર્મધ્યાન અને શુક્લધ્યાનની શ્રેણી ચઢીને મોક્ષ પ્રાપ્ત કરવો અને જન્મમરણના પરિભ્રમણથી છૂટી જવું એ જ 'બોધિરત્ન' (સમ્યગ્દર્શન) પ્રાપ્તિની ફળશ્રુતિ છે.

## ઉપસંહાર :

આપણે ચિંતવન કરવું કે અત્યંત દુર્લભ એવો મનુષ્યદેહ મને કાકતાલીય ન્યાયે મળી ગયો છે. વિશિષ્ટ પુણ્યના ઉદયે ધન, યૌવન, સંપત્તિ, અનુકૂળ સંયોગો પ્રાપ્ત થયાં છે, ધર્મની રુચિ થઈ છે તો મારે હવે સમયનો સદુપયોગ કરીને આ જન્મમાં જ અમૂલ્ય એવું 'બોધિરત્ન' પ્રાપ્ત કરવું છે. કારણ કે

- "અંજલિ કો નીર જૈસે, જાવત શરીર તૈસે,
ધરે અબ ધીર કૈસે, બીતત તમામ હૈ,
જિંદગી સુધાર બંદે, યહી તેરો કામ હૈ"

**- સંતશ્રી બ્રહ્માનંદજી**

મુમુક્ષુએ નિશ્ચય કરવો કે સદ્ગુરુને ઓળખીને તેમનું શરણ ગ્રહણ કરવું જ છે. તેમના સાન્નિધ્યમાં સત્સંગની ઉપાસના કરીને તેમના કૃપાપાત્ર બનવું છે.

"નિગોદથી સ્થાવર દુર્લભ ને તેથી દુર્લભ ત્રસ ગતિ,
તેથી ય દુર્લભ મનુષ્યભવ, જે ઝંખતો પણ સુરપતિ,
તેમાંય ઉત્તમ દેશ વળી, સુસંગ અને કુળ જૈનનું,
દુર્લભ સમ્યક્ સંયમ, દુર્લભ ગુણસ્થાનક પાંચમું,
આરાધીને ત્રણ રત્નને દીક્ષા ગ્રહે છે મુનિવરો,
દુર્લભ વ્રતને પાળતાં, શુદ્ધ ભાવ શું પ્રગટે અહો !
જે બોધિજ્ઞાનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ જીવને,
કેવળજ્ઞાન લહ્યા પછી નહીં રખડતા ભવવન વિષે.

**- ગ્રંથત્રય અનુશીલન - પૂજય સુનંદાબેન**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(આ લેખનમાળાની શરૂઆત થઈ, તે પહેલાં જે સ્વાધ્યાયશ્રેણી થયેલ તેના આધારે ૧૧મા શ્રી શ્રેયાંસનાથ સ્તવનની વિચારણા 'દિવ્યધ્વનિ'ના મે-જુલાઈ ૨૦૦૯ના અંકોમાં થઈ ગયેલ છે, તેથી હવે ૧૨ મા શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનનો પ્રારંભ કરીશું.)

## ૧૨ મા તીર્થંકર
## શ્રી વાસુપૂજ્ય સ્વામી સ્તવન

**ભૂમિકા :** યોગીશ્વર આનંદઘનજી તીર્થંકર ચોવીસીના સ્તવનોમાં જિનેશ્વર ભક્તિની સાથે સાથે અમૂલ્ય તત્ત્વજ્ઞાન પણ પીરસે છે, એમ આપણે અનેકવાર અનુભવ કર્યો. ૯ મા શ્રી સુવિધિનાથ સ્તવનમાં પ્રભુની પૂજા અત્યંત ભાવપૂર્વક કરવાની સુવિધિ બતાવી, તો ૧૦ મા શ્રી શીતલનાથ સ્તવનમાં પરમ શીતળતા આપે તેવા પ્રભુના ત્રિભંગીરૂપ ગુણગાન ગાયા. અને ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ સ્તવનમાં અધ્યાત્મ ખરેખર કોને કહેવાય તેની સમજણ આપી આપણું શ્રેય કર્યું. હવે તે અધ્યાત્મ, એટલે કે આત્મા પ્રત્યે અભિમુખ થવામાં અત્યંત ઉપયોગી એવા આત્માના પ્રધાન ગુણો-જ્ઞાન, દર્શન, કર્તાપણું, ભોક્તાપણું આદિ ચૈતન્યાત્મક ગુણોનો પરિચય ૧૨ મા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર ભગવાનના સ્તવનમાં આનંદઘનજી આપવાના છે. તીર્થંકરોની આ સ્તવનાનું મૂળભૂત પ્રયોજન તો એ છે કે તેમના જેવા જ મારા આત્માની ઓળખાણ કરવી. તે માટે આ ગુણોને યથાર્થપણે સમજવા અત્યંત આવશ્યક છે. તો ચાલો, આ સ્તવન દ્વારા તીર્થંકર પ્રભુની ચેતના અને તેમના જેવી શક્તિરૂપે રહેલી આપણી ચેતનાનો પરિચય કરીએ :

**"વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે."**

**વાસુ૦ ૧**

**શબ્દાર્થ :** શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર ત્રણ લોકના સ્વામી છે. તેઓ ઘણા નામધારી છે અને તે નામને અનુરૂપ ગુણોમાં પરિણમન કરે છે. નિરાકાર અને સાકાર (લક્ષણો) સહિતની તેમની ચેતના છે. (સંસારી જીવોની) ચેતના કર્મ કરે છે અને કર્મફળની ઈચ્છા કરે છે. (વાસુપૂજ્ય = ઈન્દ્રો દ્વારા પૂજ્ય; ઘનનામી = ઘણા નામવાળા; પરનામી = પરિણામી; નિરાકાર = આકાર વગરના; સાકાર = આકાર સહિત; સચેતન = ચૈતન્યમય; કરમ = કાર્ય, કર્મ, કર્તાપણું; કરમ ફલ = કર્મનું ફળ, ભોક્તાપણું; કામી = ઈચ્છાવાળો)

**ભાવાર્થ :** ઈન્દ્રો દ્વારા પણ પૂજ્ય એવા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર પ્રભુ ત્રણેય લોકના જીવોના તારણહાર છે. તેથી તેમને ત્રણ ભુવનના સ્વામી, ત્રિલોકનાથ કહીએ છીએ. 'ભક્તામર સ્તોત્ર' માં પણ "तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ...... तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय" એમ કહી તેમનું ત્રિભુવનસ્વામીપણું બિરદાવ્યું છે. વળી, પ્રભુ 'ઘનનામી' કહેતાં ઘણાં નામધારી છે. શાસ્ત્રકારોએ પ્રભુનાં ૧૦૦૮ નામ જણાવ્યાં છે, જે પ્રભુના અનંત ગુણોમાંથી અમુક મુખ્ય ગુણોની ઓળખ કરાવે છે. તેમાંના કેટલાક નામોનો ઉલ્લેખ સંતોએ આ પ્રમાણે કર્યો છે :-

- *જિન, શિવ, ઈશ્વર, બ્રહ્મા, રામ, વિષ્ણુ, બુદ્ધ, હરિ, જિસકે નામ...*

*(શ્રી સહજાનંદ વર્ણીજી કૃત પદ)*

- *બુદ્ધ, વીર, જિન, હરિહર, બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો...*

  *('મેરી ભાવના'-શ્રી જુગલકિશોરજી મુખ્તાર)*

- *શિવ, શંકર, જગદીશ્વરુ, ચિદાનંદ, ભગવાન, જિન, અરિહા, તીર્થંકરુ, અલખ નિરંજન, વચ્છલુ.*

  *(શ્રી આનંદઘનજી - શ્રી સુપાર્શ્વનાથ સ્તવન)*

ખરેખર તો પ્રભુ આ દરેક નામમાં પ્રતિ-પાદિત શુદ્ધ ગુણોરૂપે નિરંતર 'પરનામી' એટલે કે પરિણમી રહ્યા છે. 'પરનામી' નો બીજો અર્થ થાય છે 'પરમનામી' એટલે કે પ્રભુ આવા ઉત્કૃષ્ટ નામોના ધારક છે.

તીર્થંકર પ્રભુના આ પ્રમાણે ગુણગાન કરી, હવે આનંદઘનજી તેમની શુદ્ધ ચેતના અને આપણી એટલે કે સંસારી જીવોની ચેતનાનું સ્વરૂપ જણાવતાં કહે છે, **"નિરાકાર સાકાર સચતેન, કરમ કરમ ફલ કામી રે."** નિરાકાર અને સાકારપણા સહિત પ્રભુની ચેતના છે. પ્રભુ જ્યારે તીર્થંકરપણે બિરાજમાન છે ત્યારે તેઓ તે દેહના આકારે હોવાથી સાકાર છે અને તેથી જ સમવસરણમાં ઈન્દ્ર, નરેન્દ્ર અને પ્રાણીમાત્ર તેમના સાકારરૂપે દર્શન કરી ધન્યતા અનુભવે છે. પરંતુ નિશ્ચય દૃષ્ટિએ તો પ્રભુ "દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" એ રૂપે છે. પ્રભુની ચેતના તો પોતાને દેહથી સર્વથા ભિન્ન, અરૂપી, જ્ઞાનમય અનુભવે છે, માટે નિરાકાર છે. અને નિરાકારરૂપે ચિંતવન તે યોગમાર્ગ છે. કૃપાળુદેવ કહે છે તેમ આપણા માટે ભક્તિમાર્ગે જવું તે સરળ છે.

ગોપીઓ શ્રીકૃષ્ણની સાકારપણે, સગુણ ભક્તિમાં જ લીન થતી, જ્યારે ઓધવજીને નિરાકાર, નિર્ગુણની આરાધનામાં રસ પડતો. બન્ને વચ્ચે તે માટે ચર્ચા-દલીલો થતી. ગોપીઓની શ્રીકૃષ્ણ પ્રત્યે આત્મસમર્પણતા, એક-નિષ્ઠા અને અભિન્નતા છેલ્લે એક એવી દલીલ રજૂ કરતી કે, "અમારે કંઈ દસ-વીસ મન નથી. જે એક છે, તે તો હરિમાં લાગી ગયું છે, તો હવે બીજા કયા ઈશ્વરને ભજીએ ?" અંતે ઓધવજીને હરાવી ગોપીઓ તેને પણ પોતાની સાકાર ભક્તિના રંગમાં રંગી દે છે ! પ્રભુને પ્રતિમા આદિના અવલંબને સાકારરૂપે ભજતાં ભજતાં તેમના નિરાકાર સ્વરૂપનું પણ માહાત્મ્ય આવતું જાય છે, જેમાં આગળ વધતાં આપણી ચેતના પણ પોતાના નિરાકાર સ્વરૂપમાં લીન થાય છે.

દેહરૂપી પુદ્ગલોનો સંબંધ હતો ત્યાં સુધી પ્રભુ સાકાર, અને સિદ્ધદશામાં "એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા" — એમ હોવાથી પ્રભુ નિરાકાર. અહીં એટલું તત્ત્વથી સમજવું જોઈએ કે આત્માને 'પ્રદેશત્વ' ગુણ હોવાથી તે કોઈને કોઈ આકારવાળો હોય જ છે — સંસારમાં જે શરીર મળે તે આકારે અને સિદ્ધદશામાં અંતિમ શરીરના કિંચિત્ ન્યૂન પ્રમાણના આકારમાં સ્થિત છે. સાકાર-નિરાકારપણું તે રૂપી-અરૂપીની દૃષ્ટિએ કહ્યું છે.

ચેતનાના બીજા ગુણ અહીં 'કરમ' અને 'કરમ ફલ કામી' એમ કહ્યાં છે. અહીં કરમનો અર્થ કર્મ એટલે કર્તાપણું એમ લેવાનો છે. પ્રભુની ચેતના તો પૂર્ણ વીતરાગી હોવાથી નિજસ્વભાવનું કર્તાપણું છે, જ્યારે સંસારી જીવ દ્રવ્યકર્મ - ભાવકર્મનો કર્તા બની રાગ-દ્વેષરૂપી કર્મ કરે છે. 'કરમ ફલ કામી' નો અર્થ થાય છે - કર્મના ફળનું ભોક્તાપણું. પ્રભુ તો નિજસ્વભાવના જ કર્તા હોવાથી, અનંત સ્વાભાવિક આત્મિક ગુણોના ભોક્તા છે. તેના 'કામી' નથી, એટલે કોઈ ઈચ્છા નથી તેથી તેમની ચેતનાને શાસ્ત્રોમાં જ્ઞાન-ચેતના કહી છે. 'કામી' શબ્દ સંસારી જીવની ચેતના માટે છે. કારણ કે અનેક સાંસારિક પ્રપંચોરૂપી કર્મ- કાર્ય કરવાની પાછળ તેનું યોગ્ય ફળ મળે તેવી તેને ઈચ્છા હોય છે. પરના કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપી આ સંસારી ચેતનાને શાસ્ત્રોમાં કર્મ-ચેતના અને કર્મફળ-ચેતના કહી છે, જેનો

ઉલ્લેખ આનંદઘનજીએ અહીં કર્યો છે.

નિરાકાર અને સાકારપણું અનુક્રમે જીવના દર્શન અને જ્ઞાન ગુણમાં પણ રહેલું છે. આપણી ચેતનાના આ બે મુખ્ય ગુણ હોવાથી આનંદઘનજી હવે તેની સમજણ આપે છે, જેથી આપણને સ્વરૂપનો યથાર્થ તાત્ત્વિક નિર્ણય થાય અને વાસુપૂજ્ય જેવી ચેતનાનો આપણામાં આવિર્ભાવ થાય.

**"નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે."**
**વાસુ૰ ૨**

**શબ્દાર્થ :** ચેતના કોઈપણ વસ્તુને નિરાકારપણે અભેદરૂપે સંગ્રહે છે, જાણે છે તેમજ સાકારપણે ભેદપૂર્વક, ભેદ પાડીને પણ જાણે છે. તેને અનુક્રમે દર્શન અને જ્ઞાન એમ બે પ્રકારે ચેતના કહેવાય છે, જેના વડે વસ્તુગ્રહણની પ્રવૃત્તિ થાય છે. (અભેદ = ભેદ પાડ્યા વગર, એકરૂપે; સંગ્રાહક = સંગ્રહ કરનાર, જાણનાર; ભેદ = ભેદ પાડીને, છૂટું પાડીને; ગ્રાહક = ગ્રહણ કરનાર, જાણનાર; દુભેદ = બે પ્રકારે; વસ્તુગ્રહણ = વસ્તુને જાણવી; વ્યાપારો = વ્યાપાર, પ્રવૃત્તિ)

**ભાવાર્થ :** પ્રત્યેક જીવમાં એક અસાધારણ લક્ષણ છે, જે તેને સમસ્ત જડ-જગતથી આત્યંતિકપણે જુદો પાડે છે. તે છે **'ઉપયોગ'** નામનું લક્ષણ. આ ઉપયોગ બે રીતે કામ કરે છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. તેથી જ તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના સૂત્ર ૮ અને ૯ માં કહ્યું કે : "उपयोगो लक्षणम्" અને "स द्विविधो" આ બે ગુણોને લીધે જ જીવ 'ચૈતન્ય' તરીકે પણ ઓળખાય છે. આનંદઘનજી તેને અહીં બીજા શબ્દોમાં દર્શન-ચેતના અને જ્ઞાન-ચેતના એમ દુભેદ-બે પ્રકારે ચેતના જણાવે છે. ચેતના તો એક જ છે, પરંતુ તાત્પર્ય એ છે કે આ બે પ્રકારે જીવનો 'વસ્તુગ્રહણનો વ્યાપાર' એટલે કે કોઈપણ વસ્તુ કે વ્યક્તિને જાણવાની પ્રક્રિયા નિરંતર ચાલે છે. સામાન્ય શબ્દોમાં આપણે તેને 'જાણવું-દેખવું' અથવા 'જ્ઞાતા-દૃષ્ટાપણું' કહીએ છીએ. આનંદઘનજી અહીં તેને સૈદ્ધાંતિક રીતે રજૂ કરે છે, પરંતુ આપણા જ સ્વભાવની વાત હોવાથી ધીરજપૂર્વક તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

આનંદઘનજી કહે છે કે દર્શનચેતના "નિરાકાર અભેદ સંગ્રાહક" છે. એટલે કે આત્માનો 'દર્શન' ગુણ કોઈપણ વસ્તુના સામાન્ય સ્વરૂપને, તેની સત્તામાત્રને, કોઈ ભેદ પાડ્યા વગર અભેદપણે, તેનો કોઈ આકાર જાણવાની તસ્દી લીધા વગર નિરાકારરૂપે સંગ્રહ કરે છે, જાણે છે. જ્યારે જ્ઞાનગુણ તે વસ્તુને તેના વિશેષ સ્વરૂપમાં, તેમાં ભેદ-પ્રભેદ પાડીને, તેને આકારરૂપે વિશેષપણે ગ્રહણ કરે છે, જાણે છે, માટે જ્ઞાનચેતનાને 'ભેદ ગ્રાહક સાકારો' એમ કહ્યું.

એક દૃષ્ટાંત દ્વારા આ વાત વધુ સ્પષ્ટ થશે. ધારો કે આપણા ઘરનાં દરવાજા પર બહારથી કોઈએ ડોરબેલ વગાડી. આપણને તુરત 'કોઈ' આવ્યું એવો તેની સત્તાનો, તેના અસ્તિત્વનો સામાન્ય પ્રતિભાસ થયો. તે કોણ છે ? કેવો છે ? વગેરે કોઈ વિશેષ ભેદ કે આકાર ભાસ્યો નથી. માત્ર 'કોઈ વ્યક્તિ' આવી એટલું સામાન્યપણે જાણ્યું, તે આપણા 'દર્શન' ગુણને લીધે. ત્યારબાદ જ્યારે દરવાજો ઉઘાડ્યો ત્યારે તે 'કોઈ' વ્યક્તિ વિશેષપણે જાણવામાં આવી. તે સ્ત્રી છે કે પુરુષ, ફલાણા ભાઈ કે બહેન છે એમ ભેદ પાડી, તેનું વિશેષ આકાર લઈને જે જાણપણું થયું, તે આપણા 'જ્ઞાન' ગુણને લીધે. આમ પહેલાં દર્શન થાય છે, પછી જ્ઞાન થાય છે. આ તો માત્ર સ્થૂળપણે સમજ્યા. ખરેખર તો સમયે સમયે (સેકંડના અસંખ્યાતા ભાગે) આ દર્શન-જ્ઞાનનો વ્યાપાર જીવમાત્રમાં નિરંતર ચાલી રહ્યો છે.

દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીય કર્મને લીધે

આપણી દર્શન-જ્ઞાન શક્તિ કુંઠિત થયેલ છે. જેમજેમ તે કર્મોનું આવરણ ઘટે, તેમ તેમ દર્શન-જ્ઞાન શક્તિનો ઉઘાડ (ક્ષયોપશમ) થતો જાય. તે એટલે સુધી કે શ્રીમદ્ રાજચંદ્રજી જેવા જ્ઞાનીપુરુષો આ જ શક્તિ વડે શતાવધાન પણ કરી શકે અને તે જ 'જ્ઞાન' શક્તિ વડે વિવેક જગાડી, તત્ત્વનિર્ણય કરી, શતાવધાન આદિ ગૌણ કરી, સ્વયં આત્માનું અનુભવપૂર્વક જ્ઞાન કરી શકે.

દર્શન ગુણનું સમય સમયનું પરિણમન એટલું સૂક્ષ્મ છે કે છદ્મસ્થ જીવનો એટલે કે આપણો ઉપયોગ તેને પકડી શકતો નથી. આપણો ઉપયોગ એટલો સ્થૂળ છે કે સર્વ વસ્તુને વિશેષપણે જાણવારૂપ 'જ્ઞાન' ને જ પકડી શકે છે. જે જ્ઞાનગુણ મોહગ્રસિત થઈ સર્વ વસ્તુને અજ્ઞાનપણે મારા-તારાનો ભેદ પાડી જાણે છે, તે જ જ્ઞાન ગુણ ભેદજ્ઞાન વડે જડ-ચેતનને તેના વિશેષ લક્ષણો વડે જાણી, મોહનો નાશ કરી, તત્ત્વનિર્ણય કરી સ્વરૂપનું સમ્યક્જ્ઞાન કરવામાં ઘણો ઉપયોગી છે. માટે તેને સર્વ ગુણોમાં 'રાજા' ગુણ કહ્યો છે. 'દર્શન' ગુણથી કોઈપણ વસ્તુ કે વ્યક્તિને માત્ર તેના સામાન્ય સ્વરૂપે જાણવાની ટેવ પાડીએ – જેમકે આ 'મારો' પુત્ર છે એમ વિશેષપણે ન જાણતાં, માત્ર પુત્ર છે એમ જાણીએ – તો રાગ, દ્વેષથી બચીશું અને સમત્વની સિદ્ધિ થશે. આમ, દર્શન-જ્ઞાન ગુણને માત્ર સૈદ્ધાંતિકરૂપે ન લેતાં આપણા આત્મજ્ઞાનમાં ઉપયોગી થાય એવા આશીર્વાદ આનંદઘનજી પાસે માગી સ્તવનની વિશેષ વિચારણા આવતા અંકમાં કરીશું. **(ક્રમશઃ)**

• • •

## અધ્યાત્મ અને ઉત્સાહ

(પાના નં.૧૧ પરથી ચાલુ...)

જતા હશે. એમાં વળી શિયાળાની થોડી ઠંડી હોય, ઉનાળાની જરા ગરમી હોય કે ચોમાસાનો ઝરમર વરસાદ હોય, તો 'આજે ચાલશે, કાલે જઈશું' એમ માનીને મંદિરે જવાનું માંડી વાળતા હોય છે.

આધ્યાત્મિક જીવન જીવવું હોય, પરંતુ ઉત્સાહ ન હોય તો શું થાય ? આશ્રમના સાધકોના ચહેરા પરથી જ એનો અંદાજ આવી જશે. કેટલાક સાધકોમાં સાધનાના માર્ગે ઉત્સાહભેર આગળ જવાનો દઢ સંકલ્પ દેખાય છે અને કેટલાક ઉદાસીન ભાવ સાથે આધ્યાત્મિક વ્યાખ્યાનો સાંભળતા હોય છે. આથી મહત્ત્વની બાબત એ છે કે **તમે કશું નવું વિચારશો નહીં ત્યાં સ્થગિત થઈ જશો. જ્યાં હશો ત્યાં ઊભા રહી જશો અને પછી એ બાબતમાં તમે કશું નવું કરશો નહીં.**

સતત ઉત્સાહભેર કશુંક નવું કરીએ તો જ એ ક્ષેત્રમાં આપણે આગળ વધી શકીએ છીએ. જે સમયે નવું કરવાનો, પ્રગતિ સાધવાનો વિચાર અટકી જશે એ જ સમયે તમે સ્થગિત થઈ જશો. બંધિયારપણાની સીમામાં વ્યક્તિ જ્યારે બંધાઈ જાય છે, ત્યારે એ વધુ ને વધુ શુષ્ક, નિરસ અને મંદ બની જાય છે. કોઈ વૃક્ષના ઠૂંઠા થડ જેવી એની સ્થિતિ હોય છે. જેના પર ગમે તેટલી વસંત આવે, તોય એ મહોરી શકતી નથી અને વર્ષા એને નવજીવન બક્ષી શકતી નથી.

• • •

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

**(ક્રમાંક - ૨૦)**

**વલભજી હીરજી 'કેવલ'**

**"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."**
**અપૂર્વ૦ ૨૦**

તેરમી ભૂમિકા એટલે કેવળજ્ઞાનમાં જે લોકાલોકનું સ્વરૂપ જણાયું તે કેવળી ભગવાન પણ વાણી દ્વારા કહી શક્યા નહીં, કારણ કે વાણી જડ છે. તેમાં ક્રમ પડે છે, અને જ્ઞાન અક્રમ-અપરિમિત છે. માટે જેટલું જ્ઞાનમાં જણાય – અનુભવાય તેટલું વાણી દ્વારા આવે નહીં.

જે પદ શ્રી સર્વજ્ઞે પૂર્ણ-પ્રત્યક્ષ જ્ઞાન-કેવળજ્ઞાનમાં દીઠું છે, તે વાણી દ્વારા સાક્ષાત્ તીર્થંકર ભગવાન પણ પૂર્ણપણે કહી શક્યા નહીં. કારણ કે વાણી જડ હોવાથી અંશમાત્ર જણાવાય.

સર્વજ્ઞ ભગવાન બધા આત્માને પ્રત્યક્ષ દેખે છે, પણ છદ્મસ્થ જ્ઞાની પ્રત્યક્ષ દેખી શકે નહીં, છતાં સ્વાનુભવથી પોતાના સ્વરૂપની શાંતિ-આનંદ વેદી શકે છે. ભાવશ્રુત-ઉપયોગની સ્થિરતા વખતે છદ્મસ્થનો અનુભવ અંશે પ્રત્યક્ષ પણ છે, પણ આત્માના પ્રદેશોને પ્રત્યક્ષ ન દેખી શકે. વાણીમાં અલ્પ ઈશારા આવી શકે છે. પણ ભવ્યજનોને અનંત ઉપકારનું નિમિત્ત એવી અદ્ભુત વાણીનો યોગ તીર્થંકર ભગવાનને હોય છે. ભગવાનની વાણી ઉપરથી ગણધરદેવે બાર અંગની શાસ્ત્ર રચના કરી, છતાં છેવટે એમ કહ્યું કે આમાં સ્થૂળ કથન છે. આત્મા નિરપેક્ષ તત્ત્વ છે. પરનિમિત્તની અપેક્ષાથી રહિત છે. છતાં કથનભેદથી અનેકાન્ત ધર્મ સહિત તેનું વર્ણન કરવામાં આવ્યું છે. વાણી જડ, વર્ણાદિ રૂપી ગુણવાળી તે અરૂપી આત્માને કેટલું કહી શકે ? પણ વાચક શબ્દ પાછળના વાચ્ય અર્થરૂપ આત્માને સત્સમાગમથી, ગુરુઆજ્ઞાથી સમજી શકાય છે, પણ અરૂપી અતીન્દ્રિય આત્માનું વર્ણન વિકલ્પથી કે વાણીથી કેમ થઈ શકે ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવને વાણીયોગ હતો છતાં તેઓ આત્માનું વર્ણન પૂર્ણ રીતે કહી શક્યા નહીં, પણ કથંચિત્ સંજ્ઞાથી તેમણે સમજાવ્યું છે. સ્વરૂપ સમજવા માટે સાવધાન થઈને શ્રીગુરુનો આશય સમજે તો સમ્યગ્દર્શન થાય, અને સાથે જે પૂર્ણતાના લક્ષે જેવો સ્વભાવ છે તેવો થવા માટે પુરુષાર્થની સ્થિરતા કરે.

શ્રી સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં જેવું આત્માનું સ્વરૂપ જાણ્યું તેના અનંતમા ભાગે વાણીમાં કહી શકે, અને જેટલું વાણી દ્વારા આત્માનું કથન થાય તેને અનંતમે ભાગે શ્રી ગણધરદેવ પોતાના જ્ઞાનમાં ઝીલી શકે, અને તેના પણ અનંતમા ભાગે બીજાને સમજાવી શકે, તથા બાર અંગ રચી શકે. ગણધર એટલે ગુણના સમુદાયને ધરનારા. શબ્દો, જડ વાણી-અનંત પરમાણુનો સમૂહ તેમાં તથા મનના વિકલ્પ દ્વારા અતીન્દ્રિય આત્માનું વર્ણન સંપૂર્ણ થઈ શકે નહીં, માત્ર કથંચિત્ શબ્દથી આત્માને ભેદ પાડીને ઓળખાવી શકાય. અવિરોધપણે આત્મા મન-ઈન્દ્રિયથી જુદો છે.

જેને સમ્યગ્દર્શન વડે સ્વાનુભવ થયો છે તેણે અંશે સ્વાનુભવથી આખું દ્રવ્ય-પ્રમાણ જાણ્યું છે. 'હું શુદ્ધ છું, મુક્ત છું' એવા મનના સંબંધના વિકલ્પોથી તે સ્વરૂપનો આનંદ વેદી શકાય નહીં પણ રાગ રહિત જ્ઞાનની સ્થિરતાથી સમ્યક્જ્ઞાની પરોક્ષ તથા પ્રત્યક્ષ પ્રમાણથી જાણે છે તેથી આત્મા માત્ર જ્ઞાનગમ્ય છે.

# ગુરુપૂર્ણિમા

**પરેશભાઈ એમ. શાહ (બેંગ્લોર)**

ગુરુપૂર્ણિમા એટલે ગુરુપૂજનનો દિવસ. ગુરુએ આપણા ઉપર કરેલ અનંત ઉપકારોને યાદ કરી તેનું સ્મરણ કરવાનું મંગળપર્વ એટલે ગુરુપૂર્ણિમા.

અષાઢ સુદ પૂર્ણિમાએ સદીઓથી આપણે આપણા ગુરુએ આપણા ઉપર કરેલા અનંત ઉપકારોને યાદ કરીને આપણે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરીએ છીએ. ગુરુપૂજન એટલે સત્યનું, જ્ઞાનનું અને અનુભવોનું પૂજન. ગુરુ નિર્મળચારિત્ર અને ત્યાગવૃત્તિથી સમાજને (ભક્તગણને) સાચું જ્ઞાન આપે છે અને આ મૂલ્યવાન માનવજીવનનો મર્મ સમજાવીને શિષ્યને ઈશ્વર સમીપ લઈ જાય છે.

આ સંસારમાં કોઈપણ વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો ગુરુની જરૂર પડે છે. વિદ્યા ભણવી હોય તો શાળામાં જઈને વર્ષો સુધી જ્ઞાનપ્રાપ્તિ કરવી પડે છે. આ તો આધ્યાત્મિક માર્ગ છે. તે તો અતિગહન છે. તેમાં તો અનુભવીના સહારા સિવાય એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. સાચા ગુરુ એ પ્રભુ પામવાની સીડી છે. આત્માના જ્ઞાનની જ્યોત પ્રગટે તેવું જ્ઞાન ગુરુના સેવનથી આ જીવને થાય છે. ગુ=અંધકાર, રુ=પ્રકાશ એટલે કે જેઓ આપણને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.

જીવનમાં ગુરુ શા માટે ? જો સારથિ વિનાનો રથ હોય કે સ્ટિયરીંગ વગરની કાર હોય તેમ ગુરુ વગરનું જીવન પણ ઉત્થાન કરતાં પતન કરે.

સદ્‌ગુરુનો ઉપકાર જિનેશ્વર ભગવાનથી પણ વધારે છે ! ગુરુરૂપી સૂર્ય ઊગતાં જ ભક્તનું હૃદયકમળ ખીલે છે. સુગંધ પ્રસરે છે, ભક્તનું ઊઠવું, બેસવું, ચાલવું, ખાવું, પીવું, જીવવું... બધાનું એકમાત્ર કારણ છે – સદ્‌ગુરુ ! તેમના ભોજનમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે પ્રસાદ બને છે, જળમાં ભક્તિ ભળે ત્યારે તે પ્રક્ષાલ બને છે, હૃદયમાં ભક્તિ ઉભરાય ત્યારે તે મંદિર બને છે.

જેમની પાસે બેસતાં દેહનું ભાન ભુલાઈ જાય, જેમના નેત્રોમાં મોક્ષના દર્શન થાય છે, જ્યાં વંદન કરવાનો સ્વયંમેળ (આપમેળેજ) ઉલ્લાસ જાગે અને જેમના ચરણ પ્રાપ્ત કરતાં જાણે શત્રુંજય, ગિરનાર વગેરે સર્વ તીર્થોની પ્રાપ્તિ થતી હોય એવું લાગે... બસ આજ મારા ગુરુ છે.

જ્યાં અંતર આનંદ અનુભવે, જ્યાં હૈયું ઠરવા લાગે, જ્યાં મન કાંઈક શાંત પડે, જ્યાં મૂંઝવણનું વગર માગે સમાધાન મળે, જ્યાં કહ્યાં વગર જ બધું સમજાઈ જાય, જેના શબ્દો કાન નહીં હૈયું સાંભળે, જેની આજ્ઞા પાળતાં અંતર-અનુભૂતિ થાય, જેનું સ્મરણ માત્ર શાંતિ આપે તે સદ્‌ગુરુ. તેઓને ધરવા ન પડે, અંતરનો અવાજ નીકળે આ જ મારા ગુરુ ! આ જ મારા ગુરુ ! અહો ગુરુના મુખ પરની પવિત્રતા, આંખોમાં રહેલી પ્રસન્નતા, શબ્દોમાં રહેલી સૌમ્યતા, ભાવોમાં રહેલી નિખાસતા ! બસ વધારે શું કહેવું હે પ્રભુ ! હે ગુરુ ! આ જ ગુણો મારામાં પ્રગટે અને આ જ ગુણોની માગણી હું આપની સમક્ષ કરી રહ્યો છું. હે પ્રભુ ! હું આપના જેવો ક્યારે બનીશ ?

હે ગુરુદેવ ! આપનું સ્થાન મારા હૃદયમાં જ છે તેથી હું આપનાથી આટલા-આટલો દૂર છું. છતાં પણ આપ અમારી સમીપ છો એવું અનુભવાય છે.

હે ગુરુદેવ ! આપના સ્વાધ્યાયમાં આપે કહેલું છે કે 'આ જગતમાં ક્યાંય કોઈને અન્યાય થતો નથી, મારા કર્મ પ્રમાણે જ મને ફળ મળે છે. દરેક કર્મને ભોગવતાં આપે મને સમજાવ્યું છે કે 'કર્મ કભી કા હૈં અભી કા નહિ હૈં' આ પરમાત્માની વાણી આપ દ્વારા જ મારા જીવનમાં ઊતરી છે.

હે પ્રભુ ! મને એવી શક્તિ આપો કે ગુરુદેવની ભાવના અનુસાર જીવનમાં પરિવર્તન લાવું.

કલ્યાણમય ઉપદેશથી નિજપદની પ્રાપ્તિ કરાવનાર હે નાથ ! પ્રેમથી આપનું પૂજન કરું, ભક્તિથી આરતી કરું, સેવાથી નૈવેદ્ય કરું, સમર્પણના સાથિયા પૂરું તો પણ આ જીવ આપના ઋણથી ક્યારે પણ મુક્ત ન થઈ શકે.

# पूजा का स्वरुप एवं प्रकार

पूज्यश्री गोकुलभाई शाह

वीतराग शासन में जिनेन्द्र देवकी सेवा-पूजा और भक्ति को आत्मकल्याण का प्रशस्त अंग माना गया हैं। भक्ति प्रधान दशामें वर्तनेसे अहंकार निर्मूल होता है, स्वच्छंदता मिटती है और विनय, नम्रता आदि गुण उत्कृष्टरूप से प्रगट होते हैं। भक्तिरहित ज्ञान जहाँ अंधा है, शुष्क हैं, वहाँ ज्ञानरहित भक्ति पंगु है, दोनों का यथार्थ समन्वय अनिवार्य हैं। भक्ति से ज्ञान निर्मल होता है और निर्मल ज्ञानसे मुक्ति साध्य होती है। दोनों एक दूसरे के पूरक हैं।

भक्ति-पूजा में आश्रय और समर्पणता का भाव रहता है। यथार्थ व्यवहार भक्ति पराभक्ति का कारण है। पराभक्ति अर्थात् आत्मा और परमात्मा का मिलन । पराभक्ति में अभेदता है और वह निर्विकल्प समाधि का ही एक प्रकार है।

चित्त प्रसन्ने रे पूजन फल कहा रे, पूजा अखंडित अेह,
कपटरहित होई आतम अर्पणा रे, आनंदघन पद रेह।

**भावार्थ :** जिनेन्द्रदेवकी पूजा-द्रव्यपूजा, भावपूजा, आज्ञापूजा आदि विभिन्न प्रकार से होती है । द्रव्य पूजा के भी अनेक प्रकार हैं किन्तु उसमें सर्वोत्कृष्ट पूजा तो चित्त की प्रसन्नता अर्थात् भगवानमें चैतन्यवृत्ति को एकरूप करना ही है, उसमें ही सर्वसाधन समाहित होते हैं; वही अखंडित पूजा है क्योंकि चित्त यदि भगवान में लीन है, तो दूसरे योग भी चित्तके अधीन होने से भगवान के अधीन ही है, और चित्त की लीनता भगवानमें से न हटे तो ही जगत के अन्यभावों से उदासीनता बनी रहे और उसमें ग्रहण-त्याग रूप विकल्प होवे नहीं, जिससे वह सेवा अखंड ही रहें।

जगत के अन्यभाव यदि चित्तमें है और ऐसा दिखावें कि भगवान के सिवा अन्य मेरे कोई भाव नहीं है, तो वह वृथा ही है, और कपट है। जब तक कपट है तब तक भगवान के चरणो में आत्मा की अर्पणता कैसे होवें ? वृत्तिको सर्वभावों से विराम देकर शुद्धचैतन्य भावमय करने से ही वह शुद्ध कहलाती है और वही निष्कपटता है, क्योंकि अब उसमें अन्यभाव नहीं है। ऐसी चैतन्यवृत्ति जब भगवान में लीन की जाती है वही आत्म अर्पणता कहलाती है ।

धनधान्यादिक सर्व भगवान को अर्पण किया हो किन्तु यदि आत्मा अर्पण नहीं किया हो अर्थात् आत्मवृत्ति को भगवान में लीन नहीं किया हो तो वह धनधान्यादिकका (अष्टद्रव्यका) अर्पण करना भी सकपट ही है, क्योंकि एसी अर्पणता करनेवाली आत्मा अथवा उसकी वृत्ति तो कहीं दूसरी जगह लीन हैं और जो स्वयं कहीं दूसरी जगह लीन हैं उसके अर्पण किये हुए दूसरे जड़पदार्थ भगवान को अर्पण कैसे हो सकते है ?

इसीलिए भगवान में चित्तवृत्ति की लीनता ही आत्म अर्पणता है, और वही आनंदघनपद की रेखा अर्थात् परमअव्याबाध सुखमय मोक्षपद की निशानी है, याने जिसे ऐसी दशाकी प्राप्ति होती है उसे परम आनंदघन स्वरूप मोक्षपदकी प्राप्ति होती है। (श्रीमद् राजचंद्र)

जिस प्रकार खेती या व्यापार अपने प्रयोजन

को सिद्ध करने के लिए (कुटुम्ब परिपालन) किया जाता है, और यद्यपि कमाईका कुछ हिस्सा राजा को कर के रूपमें देना पड़ता है फिर भी उसमें राजाका प्रयोजन सिद्ध करने का कोई हेतु नहीं होता, उसी प्रकार पूजा-भक्ति तो स्वयं के परिणामों को निर्मल करने के लिए किये जाते हैं। परमात्मा तो वितरागी होने से कोई भक्ति-पूजा करे या नहीं करें उनको तो कोई लाभ-हानि है ही नहीं। परमात्मा तो परिपूर्ण कृतकृत्य हो गये है, उनकी दशा तो पूर्ण निर्विकल्प और अनंत आनंदमय है। स्वरूप प्राप्ति के जिज्ञासु साधक परमात्मा की पूजा-भक्ति करके, अपने परिणामों को निर्मल बनाकर उपयोग को स्वरूपसन्मुख करके अनुक्रमसे कृतकृत्य हो जाते हैं ।

अरहंत आदि के गुणों और दशामें अनुरागता होना ही भक्ति कहलाती है। सच्चे भक्त की दृष्टि तो भगवान की वीतरागता, सर्वज्ञता, अनंत आनंदमयता आदि अनेक गुणों के प्रति रहती है, और उसके फलस्वरूप उसे अलौकिक आत्मवैभव ज्ञान दृष्टिगोचर होता है और उसकी वही अनुरागता परंपरासे वीतरागता में परिवर्तित होती है।

अज्ञानी जीवों की भक्ति-पूजा सकाम कहलाती है क्योंकि उनकी भक्ति-पूजाका हेतु तो केवल भौतिक सुख-सामग्रीकी प्राप्ति का होता है, अतः उनका श्रद्धान पूर्णतः सम्यक् नहीं कहा जाता है। यद्यपि उनको परिणाम अनुसार पुण्यबंध हो करके भौतिक सुख-सामग्री प्राप्त हो भी जाती हैं तो भी वे मोक्षमार्गसे न केवल वंचित रहते है बल्कि अपने अज्ञान को और भी गाढ़ा बनाते हैं, जिससे उनको मोक्षमार्ग की प्राप्ति दुर्लभ हो जाती है।

दूसरे प्रकार के जीव ऐसे हैं कि वे भौतिक सुख-सामग्री की इच्छा तो नहीं करते किन्तु मोक्ष प्राप्ति की इच्छा रखते हैं। उनका अज्ञान कुछ कम तो हुआ है, फिर भी उनकी भक्ति को निष्काम नहीं कहा जाता है। मोक्षकी इच्छा करने से तो मोक्ष मिलता नहीं है, बल्कि सर्व प्रकारकी इच्छाओं का निरोध होने से मोक्षकी प्राप्ति होती है, और यह बात उनको उत्तम सत्संगके मिलने पर ही समझमें आती है।

आत्मज्ञानी भी मुक्त तब होते हैं जब, उनका श्रद्धा और चारित्र की अपेक्षा से सर्व इच्छाओंका निरोध हो जाता है। अतः भक्ति सकाम नहीं किन्तु निष्काम होनी चाहिए।

दशाका फल दशाके अनुसार मिलता ही है। माँगने से कुछ मिलता नहीं है। माँगने से आत्मिक विकास भी रुक जाता है और दशा भी कर्मोसे आवरित होती है। मायाशल्य, मिथ्यात्वशल्य और निदानशल्य से रहित जो भक्ति-साधना होती है, वही उत्तम कहलाती है ऐसा ज्ञानीओं का अभिप्राय है। द्रव्यपूजा भी भावपूजा का निमित्त बने उस हेतुसे की जाती हैं। गृहस्थ जीवों को संसार में अनेक विकल्प और आकुलताएँ रहती है, अतः वे द्रव्यपूजा के द्वारा ही उत्तम भावपूजा के योग्य बन सकते है।

परिणाम से ही बंध है और परिणाम से ही मोक्ष है। अशुद्ध परिणाम बंध मार्ग है और शुद्ध परिणाम मोक्षमार्ग है। श्रावकों के लिए 'पद्मनंदि पंचविंशति' में षट् आवश्यक बतलाएँ हैं उसमें देवपूजा, गुरु सेवा और आज्ञापालन, स्वाध्याय, संयम, तप और दान ये छह कर्तव्य प्रतिदिन करने की आज्ञा दी गइ है। यदि जीव इस आज्ञाको चरितार्थ करें तो अवश्य कल्याण कर सकता है।

महापुरुषों ने जिनभक्ति को कल्पतरु की उपमा

दी है। जैसे कल्पतरु से इच्छित भौतिक सामग्री प्राप्त होती है वैसे यथार्थ जिनभक्ति करने से बिना इच्छा के ही लौकिक एवं अलौकिक सर्व सामग्री प्राप्त होती है। अबुध, अशक्त और अनपढ़ भी भक्ति से भवपार उतर जाते हैं। इस पंचमकालमें ज्ञानमार्ग और क्रियादि मार्गो में गुरुगम के अभावमें जीवों के फिसलने के अनेक स्थानक मिल जाते हैं। गुरुगमके बिना सही दिशाबोध न मिल पाने की वजह से जीव कहीं न कहीं भटक जाता है। सही पूजा-भक्ति आदिसे अहंकार मिटता हैं, स्वच्छन्द दूर होता है और जीव सहज ही मोक्षमार्ग का पथिक बन जाता है, ऐसा सर्वोकृष्ट भक्ति मार्ग हैं।

**पूजाके भेद व लक्षण :**- ''पूजा द्विप्रकारा द्रव्यपूजा भावपूजा चेति।'' (भ.आ.वि. २०) अर्थात् पूजा के द्रव्यपूजा और भावपूजा ऐसे दो भेद हैं।

वचन और कायाको बाह्य विषयों से हटाकर, अर्हंत आदि के उद्देश्य से गंध, पुष्प, धूप, अक्षत आदि समर्पण करना, स्तवन करना द्रव्यपूजा है, तथा मनसे उनके गुणों का चिन्तवन करना भावपूजा है। (म.आ.) वि.टीका ४७) अथवा परम भक्ति के साथ जिनेन्द्र भगवानके अनन्त चतुष्टय आदि गुणों का कीर्तन करके जो त्रिकालवन्दना की जाती है, उसे निश्चयसे भावपूजा जानना चाहिए। (वसु. श्रावकाचार-४५६)

आचार्य वसुनंदीजीने, 'वसुनंदी श्रावकाचार' में द्रव्यपूजा के सचित्त, अचित्त और मिश्र ऐसे तीन भेद बतलाये हैं। (वसु. श्रा. ४४९/५०)

**( १ ) सचित्त पूजा :** प्रत्यक्ष उपस्थित (समवशरण में) जिनेन्द्र भगवान और गुरु आदिका यथायोग्य पूजन करना सो सचित्त पूजा है।

**( २ ) अचित्त पूजा :** जिन तीर्थंकर आदि के शरीर की (प्रतिमा की) और द्रव्यश्रुत (लिपिबद्धशास्त्र) की पूजा अचित्त पूजा हैं।

**( ३ ) मिश्र पूजा :** उपर्युक्त दोनों की पूजा करना मिश्र द्रव्य पूजा है।

महापुराण में द्रव्यपूजा पाँच प्रकारसे बतलायी हैं। (म.पु. सर्ग ३८/श्लोक २७-३३) (१) नित्यमह (२) चतुर्मुख (३) कल्पद्रुम (४) अष्टाह्निका (५) इन्द्रध्वज

**( १ ) नित्यमह ( सदार्चन ) पूजा :**- इसके चार प्रकार है।

(अ) प्रतिदिन अपने घरसे अष्टद्रव्य आदि ले जाकर जिनालयमें श्री जिनेन्द्रदेवकी पूजा करना।

(ब) भक्तिपूर्वक अर्हन्तदेवकी प्रतिमा और मंदिर का निर्माण कराना।

(क) दानपात्र लिखकर ग्राम, खेत आदिका दान देना।

(ड) अपनी शक्ति अनुसार मुनियोंको आहारदान देना, उनकी पूजा करना।

**( २ ) चतुर्मुख ( सर्वतोभद्र ) पूजा :** महामुकुटबद्ध राजाओंके द्वारा जिनेन्द्र भगवंतोकी महापूजा करना।

**( ३ ) कल्पद्रुम पूजा :** चक्रवर्ती राजा द्वारा किमिच्छिक दान देकर जिनेन्द्रदेवकी पूजा करना। यह कल्पद्रुम नामक यज्ञ भी कहलाता है।

**( ४ ) अष्टाह्निक पूजा :** अष्टाह्निक पर्वमें सर्वसाधारण द्वारा पूजा का आयोजन करना। यह प्रतिवर्ष आषाढ, कार्तिक और फाल्गुन के श्वेत पक्षके अष्टमी आदि आठ दिनोंमें भव्यजीवोंके द्वारा की

जाती हैं ।

**( ५ ) इन्द्रध्वज पूजा :** यह पूजा इन्द्रों द्वारा की जाती हैं ।

उपरोक्त प्रकारोंमेंसे प्रतिदिन सामान्यजन केवल नित्यमह पूजा ही करते हैं ।

निक्षेपों की अपेक्षा 'वसुनन्दी श्रावकाचार' में द्रव्यपूजाके छह भेद कहे हैं :-

**णाम-द्रवणा-दव्वे-खित्ते काले वियाणाभावे च ।**
**छव्वि-हपूया भणिया समासओ जिणवरिंदोहि ॥**

– (वसु. श्रा.-३८१)

**( १ ) नामपूजा :** अरहन्तादिका नाम उच्चारण करके विशुद्ध प्रदेशमें जो पुष्पक्षेपण किये जाते हैं वह नाम पूजा है ।

**( २ ) स्थापना पूजा :** जिन भगवानने सद्भाव स्थापना और असदभाव स्थापना ऐसे दो प्रकार बताये हैं । आकारवान वस्तुमें अरहन्तादिके गुणोंका आरोपण करना सद्भाव स्थापना हैं और अक्षत् आदिमें अपनी बुद्धिसे यह अमुक देवता हैं ऐसा उच्चारण करके संकल्प करना असद्भाव स्थापना है । (वसु. श्रा.-३८३)

**( ३ ) द्रव्यपूजा :** अरहन्तादिकोंके उद्देश्यसे प्रासुक द्रव्य (गंध, पुष्प, धूप, अक्षत आदि) समर्पण करना द्रव्यपूजा है । तथा उठ करके खडे होना, तीन प्रदक्षिणा देना, नमस्कार करना वगैरह शरीर की क्रिया करना, वचनोंसे उनके गुणोंका स्तवन करना यह भी द्रव्यपूजा है । (भ.आ.- ४७)

**( ४ ) क्षेत्रपूजा :** तीर्थंकरोंकी पंचकल्याणक भूमिमें स्थित तीर्थक्षेत्रोंकी पूर्वोक्त प्रकारसे पूजा करना क्षेत्रपूजा हैं । (वसु.श्रा-४५२)

**( ५ ) कालपूजा :** तीर्थंकरोंके पंचकल्याणक तिथियाँ तथा नंदीश्वरपर्व के आठ दिन एवं अन्य भी उचित पर्वोमें जिन महिमा की जाती हैं, वह काल पूजा हैं । (वसु. श्रा. ४५३-५५)

**( ६ ) भावपूजा :** परमभक्ति के साथ जिनेन्द्र भगवान के अनन्तचतुष्टय आदि गुणोंका कीर्तन करके जो त्रिकाल वन्दना की जाती हैं, उसे निश्चयसे भावपूजा जानना चाहिए । पंचणमोकार पदोंके द्वारा अपनी शक्ति अनुसार जाप, जिनेन्द्रके स्तोत्र अथवा उनके गुणगान करना भी भावपूजा हैं । (वसु. श्रा. ४५६-४५८)

भावपूजा मनसा तद्गुणानुस्मरणं । (भ.आ.वि. /४७) (जैनेन्द्र सिद्धांतकोष से साभार)

## *निश्चय पूजा*

वास्तवमें इसमें विकल्परूप पूजा-भक्तिका भाव नहीं होता, बल्कि यहाँ तो आराध्य आराधक में कोई भेद ही नहीं होता । आचार्यश्री पूज्यपाद स्वामीने समाधिशतक में कहा है :-

**''यः परात्मा स एवाहं योऽहं स परमस्ततः ।**
**अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥''( ३१ )**

अर्थात् स्वभावसे जो उत्कृष्ट आत्मा (परमात्मा) है वह ही मैं हूँ तथा जो कोई स्वसंवेदनगोचर (अहं) मैं आत्मा हूँ सो ही परमात्मा है इसलिए (ततः) अर्थात् जब परमात्मा और मैं एक ही हूँ तब (मया) मेरे द्वारा मैं ही आराधने योग्य हूँ, कोई दूसरा नहीं ।

इस प्रकार अपने स्वरूपमें ही (आत्मामेंही) आराध्य-आराधक भावकी (स्थितिः) व्यवस्था हैं वहीं निश्चय पूजाका भाव हैं ।

**पूजाके अंग ( विधि ) :** श्री पद्मनंदि पंचविंशति में, 'जिनपूजाष्टकम्' अधिकारमें अष्टद्रव्योंसे पूजन करनेका उल्लेख हैं, उसके उद्देश्य भी वहाँ बतलाए हैं । वसुनंदी श्रावकाचारमें भी जल, चन्दन, अक्षत, पुष्प, नैवेद्य, दीप, धूप और फल आदि अष्टद्रव्योंसे पूजाकी विधि बतलायी हैं ।

देवोंके द्वारा या चक्रवर्तीके द्वारा जो अमूल्य पूजनसामग्री उपयोगमें ली जाती हैं, उसका वर्णन महापुराण, तिलोयपण्णत्ति, पद्मपुराण आदि ग्रन्थोंमें देखनेको मिलता है । वर्तमानमें तो हम रत्नदीप, स्वर्णकमल, मोतीयोंके पूंज या अन्य बहुमूल्य द्रव्यों का सिर्फ भाव ही कर सकते हैं, फिर भी पूजनथालीमें जो द्रव्य हम लेकर जाते हैं, वे भी जीवनोपयोगी ही है, अतः उसका मूल्य भी कम नहीं है । वैसे तो ग्रामवासी, नगरवासी, वनवासी अपने अपने सामर्थ्य के अनुसार पूजन-भक्ति किया करते हैं, फिर भी पूजकको इतना ख्याल अवश्य रखना चाहिए कि पूजनथालीमें जो भी सामग्री लावें वह शुद्ध हों । शुद्धता याने एक तो वह द्रव्य जबरदस्ती किसीसे छीना गया न हो तथा पूजन सामग्री बनाने में जिनप्रणीत अहिंसा धर्मका यथायोग्य पालन हो इसका विवेक रखा गया हो ।

पं. सदासुखदासजीने रत्नकरण्ड श्रावकाचारकी टीकामें निम्नप्रकार लिखा हैं :- ''यहां जिनपूजन सचित्तद्रव्यनितें हू अर अचित्त द्रव्यनितें ही आगममें कहयाँ है.... दोऊ प्रकार आगमकी आज्ञा प्रमाण सनातन मार्ग हैं, अपने भावनिके आधीन पुण्यबन्धके कारण हैं ।''

पूजकको चाहिए कि समस्त कार्य यत्नाचारसे जीव विराधना टालकर करें । उन्होंने पूजाके पाँच अंगोंका निर्देश निम्नप्रकार किया हैं :-

**( १ ) आह्वानन :** पूज्यको दृष्टिसमक्ष बुद्धिमें लानेका भाव ।

**( २ ) स्थापना :** पूज्यको ससम्मान उच्चासन पर स्थापित करनेका भाव ।

**( ३ ) सन्निधिकरण :** भक्तिपूर्वक उच्चासन पर बिठाने पर भी उस स्वरूपके संन्निकट होना अर्थात् हृदयमें बनाये रखना ।

ठानोंमें इन्ही तीन क्रियाओंके सूचक, त्रियोगकी एकाग्रताके प्रतीक स्वरूप तीन पुष्पक्षेपण किया जाता है । यह भावनाओंका प्रतीक पुष्पांजलिका अर्पण हैं ।

**( ४ ) पूजन :** निर्मलभावोंसे शुद्ध अष्टद्रव्योंसे जिनेन्द्रदेवका स्तवन-पूजन किया जाता है । पूजक छंदोच्चारणके साथ क्रमसे एक एक द्रव्य चढ़ाता है, और इस तरह अपने आराध्यका गुणानुवाद करता है ।

**( ५ ) विसर्जन :** क्षमापना पाठ वर्तमानमें विसर्जनके नामसे प्रचलित हैं । इसमें पूजाके समय हुई द्रव्य एवं भाव सम्बधी त्रुटियोंके लिए क्षमाप्रार्थना रूप भक्ति की जाती है ।

उक्त आह्वानादि क्रियासे किसी भी चिह्नवाली जिनप्रतिमाके सामने नवदेवताओंमेंसे सबकी पूजा की जा सकती है ।

## *अभिषेक*

''अभि: मुख्यरूपेण सिंचयति इति अभिषेक:''

पूरी प्रतिमा जलसे सिंचित हो इस प्रकार प्रासुक जलकी धारा भगवानके ऊपर करना । जिनदेवकी निकटता प्राप्त करना एवं साक्षात् अरहन्त भगवानके स्पर्शनका भाव करना । स्वका आत्ममल

प्रक्षालन भक्तिरूपी जलसे करना ।

आचार्योंने जो चार प्रकारके अभिषेक बतलायें हैं, उसमें चौथा प्रतिष्ठित स्थिरचल जिनबिम्बोंका अभिषेक बतलाया हैं जो कि पूजाके समय किया जाता है । जैसा कि श्री पूज्यपाद स्वामीने दशभक्ति संग्रहमें कहा है:-

**स्यात्सिद्ध शांति भक्ति: स्थिरचल जिनबिम्बयों: प्रतिष्ठायां,**
**अभिषेक वंदना चलतुर्य स्नानेऽस्तु पाक्षिकी त्वपरे ।**

(प्रतिष्ठा रत्नाकरसे साभार)

पूजकको कुएँके शुद्ध छने जलको प्रासुक करके, शुद्ध वस्त्र पहनकर (जिसका उपयोग गृहस्थीके कार्योमें न किया गया हो, ऐसे धोती, दुपट्टा) हर्षोल्लासके साथ, दोनों हाथोंमें कलश लेकर अभिषेक पाठ बोलते हुए (आचार्य माघनंदीकृत संस्कृत पाठ तथा लघु अभिषेकपाठ) जिनबिम्बके ऊपर धारा करना चाहिए । ऐसे निर्मल भाव करके धारा समाप्त करें, पश्चात अर्घ चढ़ाकर स्वच्छ वस्त्रसे मार्जन करके प्रतिमाके उपरसे जल साफ करें । (तत्पश्चात् विनयपूर्वक गंधोदक लेवें)

अभिषेकके लिए प्रश्नोत्तर श्रावकाचार (श्लोक १९६) में आचार्य सकलकीर्तिने कहा हैं:-

**जिनांग स्वच्छनीरेण क्षालयति स्वभावत: ।**
**येऽति पापमलं तेषां अयं गच्छति धर्मत: ॥**

अर्थात् जो मनुष्य उत्तम भावसे स्वच्छजल द्वारा भगवानका अंगप्रक्षालन (अभिषेक) करते हैं वह धर्म प्रभावनासे स्वभावत: समस्त पापोंको नष्ट करते हैं ।

**''ज्ञान कलश भरी आतमा, समतारस भरपूर,**
**श्री प्रभुजीके अभिषेकसे, मेरे कर्म हुए चकचूर।''**

ज्ञानरूपी कलशके द्वारा, समतारूपी जलसे भगवानका (आत्मदेवका) अभिषेक करनेसे कर्मोंका नाश होता है, ये अभिषेकका परमार्थ आशय हैं ।

**जिनदर्शन महिमा :** धवलाजीमें इस प्रकार लिखा है :-

(धवला १/६/गा. ४२७-२८)

**दर्शनेन जिनेन्द्राणां पाप संधातकुंजरम् ।**
**शतधा भेदमायाति गिरिर्वज्रहतो यथा ।**
**जिणबिंबदंसणेणणिधत्तणिका चिदस्स वि**
**मिच्छतादिकम्म कलावरस रूप दंसणादो ।**

अर्थात् जिनेन्द्रदेवोंके दर्शनसे पाप संधातरूपी कुंजरके सौ टुकड़े हो जाते हैं, जिस प्रकार कि वज्रके आघातसे पर्वतके सौ टुकड़े हो जाते हैं । जिनबिम्बदर्शनसे निधत्त और निकाचित रूप भी मिथ्यात्वादि कर्मकलापका क्षय देखा जाता हैं ।


मुनिश्री पद्मनंदिजीने भी जिनदर्शनका माहात्म्य इस प्रकार बतलाया है :-

**चममच्छिणा वि दिट्ठे तई तइलोए ण माई महरिस्सो ।**
**णाण च्छिणा उणो जिण ण-याणिमो किं परिप्फूरई ॥**

अर्थात् है जिन ! चर्ममयनेत्रसे भी आपका दर्शन होने पर जो महान हर्ष उत्पन्न होता है वह तीनों लोकोंमें नहीं समाता हैं । फिर ज्ञानरूप नेत्रसे आपका दर्शन होने पर कितना आनंद प्राप्त होगा, यह हम नहीं जानते हैं ।

**ॐ आनंद आनंद आनंद**

शुभ परिणाम से पुण्य होता है, अशुभ परिणाम से पाप होता है और शुद्ध परिणाम से मोक्ष होता है ।




II Shri Param Krupalu Devay Namah II

# YUVATIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**




## CAN I BE PATRIOTIC ?

Nanaji what is patriotism?" asked Ajit.

"It means going to jail like Gandhiji and Chacha Nehru or dying for your country like Bhagat Singh," explained his sister Naina.

"Yes, Naina you are right. But it also means a lot more. To be a patriot one need not die or go to jail. One can show one's love for one's country in many small ways," Nanaji said.

"How?"

"By loving its culture and its people. Do you remember Ajit, on 26th after the Republic Day Parade a tune was being played?"

"Yes, Nanaji, as soon as the tune started you stood and continued standing till the end."

"Do you know what the tune was?"

"I know, Nanaji?" Naina said. "It was our national anthem - 'Jana gana mana'..."

"Good. But do you know why I got up and stood to attention?"

"No, Nanaji. Why?"

"As a mark of respect to the national anthem. And unfortunately I was the only one to do so. Your father continued to read the paper and your mother went on with her conversation on the phone. Earlier, in the cinema halls at the end of the movie the national anthem was played. But it was found that the people used to leave the hall midway, laughing, shouting and creating a racket. The Government then decided to stop the playing of the national anthem. The reason why I gave you this example is to explain to you that a person's patriotism can be reflected in simple day to day things like his respect for his language, his nation's anthem or flag and above all the love for his fellow countrymen."

"Nanaji, I still don't understand. I thought patriotism was all about dying for one's country or making a big sacrifice."

"Yes, Beta you are right. It is about big things, but also little ones too. And remember it is not the battlefield alone which produces patriots. In the battlefield of life too you will find many martyrs. Okay, let me tell you a story which will help you understand better."

"Yahoo, Nanaji. Tell me a story about dragons and dinosaurs," shouted Ajit.

"No, Ajit I'll tell you a story about real people and their real problems. But not today. This Sunday I'll take you for a picnic to a small village around 100 kilometers from here. We'll spend the day there and return by night."

On Sunday Nanaji, Naina and Ajit started very early on their 'picnic'. They took the first train to the village 'Himapet'.

Two and half hours later they found themselves at a tiny, dusty railway station. They got down and stepped outside. A large well built man wearing a white dhoti and kurta and sporting a huge turban greeted them with folded hands.

He led them to a bullock cart and much to Ajit's delight lifted and placed him on the cart. The cart trundled on for almost an hour till they finally reached the village. They alighted in front of a large brick house. An elderly man and woman came out and greeting Nanaji and fussing over the kids. They spoke in a dialect which Naina and Ajit found difficult to understand.

An hour later, after they had their breakfast Nanaji took them to a huge peepal tree where there was a platform. They sat down and Nanaji started his story.

Around ten years ago there was a young man whose name was Akash. He was studying to be a Doctor. After he completed his MBBS he worked hard and won a scholarship to USA. He

got his masters degree and decided to come back. Along with him ten of his friends had also gone for higher studies to America. They all stayed back but Akash returned. Akash's father was not very happy with his son's decision. He was very proud that his son had got a foreign degree. He wanted his son to make America his home, earn a lot of money and finally invite his parents and sister also to settle down in America. But Akash was adamant. "My country has spent thousands of rupees in educating me. I have to repay this debt. The only way I can do it is by serving the people here. And moreover India and its villages need good doctors far more than rich countries like America."

"What happened Nanaji? Did Akash come back to India?"

"Yes, he did. In the beginning he worked in a Government Hospital in the city. A year later an epidemic broke out in the nearby villages. When Akash learnt about that he just packed his bags and left. He didn't even inform his parents."

"Why?" asked Ajit.

"Because they would have stopped him. In science I have studied that during epidemics, sometimes the doctors who are treating the patients also die," Naina said.

"Yes, Naina is right. Anyway, a week later Akash's father got a postcard from him saying that he was busy treating the patients and that the situation was very grim. But Akash did not mention where exactly he was, fearing that his father would land up and try to drag him back. Two weeks later his father received a phone call saying that Akash had been admitted in the City hospital in a serious condition. His parents rushed to see him. He was in a very bad state. He could barely speak.

"Why are you torturing yourself, as well as us, son?" His father asked him while his mother started sobbing.

"I.. can't help it father. I can't bear to see people suffer.

"Your friends are enjoying life in America, earning pots of money and living in comfort and look at you here - fighting for your life. I can't understand what you are getting by doing all this. If you don't care about yourself at least spare a thought for your poor mother. Just see her condition. She has gone half mad worrying about you."

"Father I don't think I'll ever be able to convince you about my actions. All I can say is that I have the satisfaction that I have been able to save so many lives. Forgive me if I have tortured you. But...but please try to understand that I could not help it. I can't watch people dying all around me and not do anything. "

After battling for a month Akash died in his mother's arms. The entire village was there at his cremation and there was not even one eye which was dry. The villagers decided to pay homage to Akash. They launched a drive to collect donations for building a small hospital in the village. They approached the local MLA who agreed to organise a hefty donation thinking that the hospital would be named after him. However, the villagers were adamant. They took the money, built the hospital and called Akash's parents for the opening ceremony. Akash's father inaugurated the hospital.

"Come, I want to show you something," Nanaji said and taking their hands in his he led them to a building, a few hundred meters behind the peepal tree."

They stopped in front of a blue board. "Naina, please read what is written."

"Akash Memorial Hospital - In memory of Dr.Akash Rai, who saved this village from death. Naina looked at her grandfather. His eyes were wet with tears. "Nanaji, Akash Rai, but your surname is also Rai.....was he your..."

"Yes, my child, he was my son. Your mother's elder brother. As a professor of Philosophy I always thought I knew everything about everything. But my son taught me the true essence of the term 'service' and the real meaning of the word 'patriotism'."

Moral: Patriotism is not only about dying for the country. We can practice patriotism at each and every step of our life by doing out bit for the country in whichever manner possible. Help people, keep the country clean, promote our culture, support the elders, pay your taxes, obey the rules, say no to corruption, support education for poor and many more. Let us decide to do our bit for our motherland and make this great country a better place to live in.

# જીવનઉદ્યાન : દિવાળી પુસ્તિકા

**• વિ. સં. ૨૦૬૯ •**

## સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ

નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.

આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.

વિ. સં. ૨૦૬૯ની દિવાળી પુસ્તિકા **'જીવનઉદ્યાન'** (૪૦ પાના) તૈયાર થઈ રહી છે, જે શ્રી પર્યુષણ મહાપર્વ દરમિયાન ઉપલબ્ધ થઈ શકશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-

(૧) કવર સાથે **'જીવનઉદ્યાન'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૫/- રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

નામ-સરનામું છાપવાનો ખર્ચ : ૫૦૦ પુસ્તિકાઓ - રૂા. ૨૦૦/-

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૨૫-૧૦-૨૦૧૨ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

# દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઓર્ડર છે ? ______________**

**નામ છાપવાનું છે ? ______________ હા ______________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ : ______________________________**

**ફોન નંબર : ______________________________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ
ફોન : ૨૫૩૫૬૬૪૬
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્શ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૬૫૪૪૬૦૧૫
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી
ફોન : ૨૬૫૬૮૪૨૩

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી**
રૂપમ ડ્રાયફ્રુટ્સ
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
ફોન : (૦૨૨) ૨૫૧૧૮૮૯૭
મો. ૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૯૮૨૦૩ ૨૯૨૭૭

(૫) **શ્રી અશોકભાઈ પી. શાહ**
ફોન : (ઘર) ૦૨૨ - ૨૪૧૬૧૮૪૨
મો. ૦-૯૮૩૩૯ ૫૩૩૩૭

## BANGLORE

(૧) **શ્રી જયેશભાઈ જૈન**
સુજય એન્ટરપ્રાઈઝ
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯
મો. ૯૩૪૧૦૪૧૮૪૭

## CHENNAI

(૧) **શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૯૮૪૦૯ ૮૫૦૯૮

## HIMATNAGAR

(૧) **શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : ૨૩૪૬૪૮
મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

## KOLKATA

(૧) **શ્રી મગનબાપા સેવા સમિતિ**
ફોન : (૦૩૩) ૨૨૩૫૭૫૩૯
મો. ૯૩૦૧૦ ૧૪૯૪૯

## LIMBDI

(૧) **શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

## LAXMIPURA

(૧) **શ્રી લાલજીભાઈ પટેલ**
ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

## PALITANA

(૧) **શ્રી મનસુખભાઈ બારોટ**
મો.૯૮૨૫૯૯૯૬૯૦

## RAJKOT

(૧) **શ્રી હીરલભાઈ મનહરલાલ મોદી**
સી-૧૧, અંબિકાપાર્ક, હનુમાન મઢી પાસે,
રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭.
ફોન : (૦૨૮૧) ૨૪૫૬૦૬૩ (ઘર)
મો. ૯૪૨૬૪ ૬૦૬૨૬

## RAKHIYAL

(૧) **શ્રી રામજીભાઈ પટેલ**
લોકનાદ શિક્ષણ સંકુલ
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

## SURENDRANAGAR

(૧) **શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧

## VADODARA

(૧) **શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/O. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭
મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

# OVERSEAS

### U. K.

1. Mrs. Shrutiben Malde
Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
Ph. 208-951-5424, 208-952-8056
3. Mr. Harshadbhai Sanghrajka
Ph. 208-954-9632

### U.S.A.

4. Mr. Prafulbhai Lakhani
Ph. 631-423-9647, (O) 516-679-1238
M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
Ph. 714-894-2930
6. Mr. Birenbhai Pravinbhai Mehta
Ph. 714-389-3672

### KENYA

7. Mr. Manubhai S. Shah
Ph. 254-2375-1679

### CANADA (Toronto)

8. Mr. Jyotindrabhai Soneji
Ph. 905-669-5318

## સમાજ-સંસ્થા દર્શન

### જૈન સાધુ-સાધ્વીજીના કેટલાક ચાતુર્માસની યાદી (વિ.સં. ૨૦૬૮)

જૈન સાધુ-સાધ્વીજીના ચાતુર્માસની વિગત અમોને જે પ્રાપ્ત થઈ છે તે નીચે મુજબ છે :

- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજ — શ્રી કુંદકુંદભારતી, દિલ્હી
- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ — ડાંગરગઢ (છત્તીસગઢ)
- પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસાગરજી મહારાજ — ટીકમગઢ (મધ્યપ્રદેશ)
- પૂજ્ય આચાર્યશ્રી વિરાગસાગરજી મહારાજ — જયપુર (રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી પુષ્પદંતસાગરજી મહારાજ — પુષ્પગીરી (મધ્યપ્રદેશ)
- પૂજ્ય આચાર્યશ્રી સુકુમાલનંદીજી મહારાજ — ઉદેપુર (રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી ભરતસાગરજી મહારાજ — ધાર (મધ્યપ્રદેશ)
- પૂજ્ય આચાર્યશ્રી ગુપ્તીનંદીજી મહારાજ — રોહતક (હરિયાણા)
- પૂજ્ય આચાર્યશ્રી અભિનંદનસાગરજી મહારાજ — ઉદેપુર (રાજસ્થાન)
- રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજ — કોબા
- પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ — નાગપુર
- પૂજ્ય ક્રાંતિકારી મુનિશ્રી તરુણસાગરજી મહારાજ — અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી મહાશ્રમણજી — પ્રેક્ષા વિશ્વભારતી, કોબા
- પૂજ્ય આચાર્યશ્રી બા.બ્ર.વીરેન્દ્રમુનિ મ.સા. — નવરંગપુરા, અમદાવાદ
- પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સા. — ચેન્નાઈ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા. — શંખેશ્વર
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયજયંતસેનસૂરીશ્વરજી મ.સા. — રાયલા (રાજસ્થાન)
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મ.સા. — નારણપુરા, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. — પાયધુની, મુંબઈ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા. — આહોર, રાજસ્થાન
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા. — ચેમ્બુર, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. — સૂરત
- પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. — સાબરમતી
- પૂજ્ય આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. — ઉસ્માનપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી અભયચંદ્રસૂરીશ્વરજી મ.સા. — સાબરમતી
- પૂજ્ય આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા. — વિજાપુર
- પૂજ્ય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સા. — શાહીબાગ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી આનંદઘનસૂરીશ્વરજી મ.સા. — વક્તાપુર (હિંમતનગર)

- પૂજ્ય આચાર્યશ્રી મહાપદ્મસૂરીશ્વરજી મ.સા. — અંધેરી (મુંબઈ)
- પૂજ્ય આચાર્યશ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા. — મીરાંરોડ (મુંબઈ)
- પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસાગરસૂરીશ્વરજી મ.સા. — બૅંગ્લોર (ચીકપેઠ)
- પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરીશ્વરજી મ.સા. — કોબા
- પૂજ્ય આચાર્યશ્રી અરૂણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. — કોબા
- પૂજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. — ઘાટકોપર, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી વરબોધિસૂરીશ્વરજી મ.સા. — બોરીવલી, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી અભયશેખરસૂરીશ્વરજી મ.સા. — ઘાટકોપર, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી શ્રેયાંસચંદ્રસૂરીશ્વરજી મ.સા. — અંધેરી, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી હિતવર્ધનસૂરીશ્વરજી મ.સા. — સાંતાક્રુઝ, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી રાજહંસસૂરીશ્વરજી મ.સા. — મુલુંડ, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. — જોગેશ્વરી, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા. — કુર્લા,મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. — ભાયખલા, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા. — ઘાટકોપર, મુંબઇ
- પૂજ્ય આચાર્યશ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.સા. — કાંદીવલી, મુંબઇ
- પૂજ્ય આચાર્યશ્રી કનકશેખરસૂરીશ્વરજી મ.સા. — વડાલા, મુંબઇ
- પૂજ્ય આચાર્યશ્રી હેમસુંદરસૂરીશ્વરજી મ.સા. — કાંદવલી, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી નરરત્નસૂરીશ્વરજી મ.સા. — વાસણા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી બોધિરત્નસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા. — સોલા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. — આંબાવાડી, અમદાવાદ
- પૂજ્ય ગણિનીપ્રમુખ આર્યિકાશ્રી જ્ઞાનમતિ માતાજી — હસ્તિનાપુર (ઉત્તરપ્રદેશ)
- પૂજ્ય આર્યિકા શ્રી પૂર્ણમતિ માતાજી — ઉદેપુર (રાજસ્થાન)
- સાધ્વીશ્રી સત્યપ્રભાશ્રીજી મ.સા. ઠાણા-૪ — પ્રેક્ષા વિશ્વભારતી, કોબા
- પૂજ્ય અપૂર્વમુનિ મ.સા. — વસ્ત્રાપુર, અમદાવાદ
- પૂજ્ય રાજેન્દ્રમુનિ મ.સા. — અમદાવાદ
- પૂજ્ય દેવેન્દ્રમુનિ મ.સા. — સાબરમતી

## 'શ્રી પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ' વિષયના આધારે લેવાયેલ પરીક્ષાનું પરિણામ

આપણી સંસ્થામાં શ્રી દ્રવ્યસંગ્રહ (ગાથા ૫૦ થી ૫૪) ના આધારે બા.બ્ર.આદ. શ્રી સુરેશજીની સ્વાધ્યાયશ્રેણી યોજાયી હતી. તે આધારિત 'પંચ પરમેષ્ઠી ભગવંતોનું સ્વરૂપ' વિષય પર તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઇ-બહેનોએ

પરીક્ષામાં ભાગ લીધો હતો. દરેક મુમુક્ષુ ભાઈ-બહેન ૫૦% થી વધુ ગુણ પ્રાપ્ત કરે છે. ૧૦૦ ગુણની પરીક્ષામાં પ્રથમ પાંચ નંબર મેળવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે મુજબ છે :

**(૧) બ્રા.બ્ર.આદ.શ્રી અલકાબેન - ૯૩ ગુણ, (૨) પૂજ્ય બહેનશ્રી - ૯૦ ગુણ, (૩) બ્રા.બ્ર.આદ. શ્રી જનકબેન - ૮૬.૫ ગુણ, આદ. શ્રી સંધ્યાબેન - ૮૬.૫ ગુણ, (૪) આદ.શ્રી મિતેશભાઈ એ. શાહ - ૮૫ ગુણ, (૫) આદ.શ્રી સુધાબેન લાખાણી - ૮૪ ગુણ, આદ.શ્રી છાયાબેન શેઠ - ૮૪ ગુણ.**

આ પરીક્ષા દ્વારા સૌને શ્રી પંચ પરમેષ્ઠીનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવા મળ્યું. અભ્યાસક્રમ બનાવવામાં, પ્રશ્નપત્ર તૈયાર કરવામાં તથા પેપર તપાસવામાં આદ. શ્રી સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો. પરીક્ષા આપનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને સંસ્થા તરફથી ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવ માટે આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવખર્ચને પહોંચી વળવા માટે નીચેના દાનવીર મહાનુભાવોનો આર્થિક સહયોગ સાંપડ્યો છે; જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| (૧) | MATA POLYMERS PRIVATE LIMITED<br>હસ્તે. આદ.શ્રી પ્રવીણચંદ્ર મોહનલાલ સંઘવી, મુંબઈ | રૂા. ૨૫,૦૦૦/- |
| (૨) | આદ.શ્રી મોતીચંદ એન. શાહ, ઓસ્ટ્રેલિયા | રૂા. ૧૬,૧૦૦/- |
| (૩) | આદ. શ્રી મદનબેન પોલારામ પરીહાર, વલસાડ | રૂા. ૧૦,૦૦૦/- |
| (૪) | સ્વ. જાનકીબેન શાહના આત્મશ્રેયાર્થે હસ્તે સ્વ. જાનકીબેન શાહ પરિવાર, અમદાવાદ | રૂા. ૭,૫૦૦/- |
| (૫) | સ્વ. કંચનબેન હીરાલાલ ડગલીના આત્મશ્રેયાર્થે<br>હસ્તે : મૃદુલાબેન પી. શાહ, મુલુંડ (મુંબઈ) | રૂા. ૭,૫૦૦/- |

**ગત અંકમાં પ્રગટ થયેલ નામ નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી.**

- આદ. શ્રી વસંતબેન શાંતિલાલ વખારિયા, મુંબઈ — રૂા. ૭,૫૦૦/-

## ક્રાંતિકારી મુનિશ્રી તરુણસાગરજી મહારાજનું આપણી સંસ્થામાં આગમન

આપણી વિનંતીને માન આપી પૂજ્યશ્રી તરુણસાગરજી મહારાજ આપણી સંસ્થામાં તા. ૨૨-૬-૧૨ ના રોજ બપોરે પધાર્યા હતા. તેઓએ પ્રથમ મંદિરજીમાં ભગવાનના દર્શન કર્યા. ત્યારબાદ 'શ્રી રાજમંદિર'માં દર્શન કરી સ્વાધ્યાયહૉલમાં પધાર્યા. સંસ્થાને નિહાળી અને પૂજ્યશ્રીને મળી તેઓને વિશેષ આનંદ થયો. પૂજ્યશ્રી તથા સૌને ભાવપૂર્વક આશીર્વચન કહ્યાં. તેઓશ્રીનો ઉતારો કોબા સર્કલ પાસે શ્યામવનમાં હતો. સવારમાં તેઓના આહારદાનનો લાભ લેવા પૂજ્ય બહેનશ્રી, આદ. શ્રી અરૂણભાઈ, આદ. શ્રી સુરેશજી, આદ. શ્રી નવનીતભાઈ તથા બહેનો-ભાઈઓ ગયા હતા. સંસ્થામાં પધાર્યા ત્યારે પૂજ્યશ્રી સહિત સૌએ ભાવપૂર્વક પૂજ્ય મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું.

તેમની સાથે જ રહેતા બે બાળ બ્રહ્મચારી ભાઈઓ – સતિષ ભૈયા તથા સચિન ભૈયાએ સંસ્થાના ત્યાગી ભોજનાલયમાં સાંજના આહાર લેવાનો સ્વીકાર કર્યો હતો. તેથી સૌને વિશેષ આનંદ આવ્યો. બાળબ્રહ્મચારી શ્રી સતિષભાઈએ ગુરુકુળના બાળકોને સંસ્કારપ્રેરક ઉદ્‌બોધન પણ કર્યું હતું.

## સંસ્થાના જિનમંદિરમાં ધ્વજા આરોહણ દિનનો મંગલપ્રસંગ સાનંદ સંપન્ન

તા. ૨૧-૬-૧૨ અષાઢ સુદ બીજના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં ઉપરોક્ત પ્રસંગ સંપન્ન થયો. સવારે ભગવાનના પ્રક્ષાલ સમયે મોટી શાંતિધારા સૌએ ભાવપૂર્વક કરી હતી તથા પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરી હતી. ૯-૩૦ વાગ્યે પ્રભુ-ગુરુની ધૂન સાથે ધ્વજા આરોહણની વિધિ પવિત્ર વાતાવરણમાં સંપન્ન થઈ. આ કાર્યક્રમનું સંચાલન આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ કર્યું હતું.

ધ્વજા આરોહણનો લાભ આ વખતે આદરણીય શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ તથા બહેનશ્રી સુરેખાબેને લીધો હતો. આદ. ફુલવંતીબહેનના સ્વાસ્થ્યની અનુકૂળતા ન હોવાને લીધે આદ. શ્રી શાંતિભાઈ મહેતા આટલા વર્ષમાં પહેલી વાર હાજર રહી શક્યા નહોતા. તેઓનો શુભેચ્છા સંદેશ ધ્વજા આરોહણ સમયે આવી ગયો હતો.

આદ. આત્માર્થી ભાઈશ્રી પ્રકાશભાઈ ડી. શાહે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે આપણે પ્રતિમા ન જોવી પરંતુ તેમાં બિરાજમાન પારસનાથ ભગવાને નિહાળવા. ભગવાન કેવળજ્ઞાનની મૂર્તિ છે. પરમાત્મામાં સત્ પૂર્ણપણે પ્રગટી ગયું છે. ભગવાનની સમતા યાદ કરવી. આપણે ભગવાનને ઓળખવા સત્પાત્રતા પ્રગટાવવાનો અપ્રતિમ પુરુષાર્થ કરવો. નિરંતર પ્રભુસ્મરણ દ્વારા ચિત્તને નિર્મળ કરવું.

આદ. શ્રી મણિભાઈ શાહે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે નિયમિત ષટ્ આવશ્યક કરવાં જોઈએ.

પૂજ્યશ્રીએ તેમના બોધમાં સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર પ્રગટાવવા માટે પુરુષાર્થ કરવાની આજ્ઞા આપી. પૂજ્યશ્રીએ જણાવ્યું કે હું સંસારના પદાર્થોનો સ્વામી નથી તેવો નિર્ણય કરવો. કોઈ પ્રત્યે મોહ ન કરવો. સર્વ પ્રત્યે પ્રેમ રાખવો. ભગવાનનું ધ્યાન કરવું. પાપ ન કરવું. પુણ્ય કરવું પણ શ્રદ્ધામાં પુણ્યને હેય જાણવું. શુદ્ધભાવના લક્ષે આચરણમાં પુણ્ય ઉપાદેય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના — આ ચાર ભાવનાં નિરંતર ભાવવી. સ્વાધ્યાય પછી **આદ. શ્રી ફુલવંતીબેન શાંતિભાઈ પરિવાર** તરફથી સ્વામિવાત્સલ્ય - ભોજનપ્રસાદી સૌએ લીધી હતી. આ શુભપ્રસંગે સારી એવી સંખ્યામાં મુમુક્ષુઓ દર્શનાર્થે પધાર્યા હતા અને પ્રસંગને અનુરૂપ સૌએ ભાવપૂર્વક ભક્તિ કરી હતી. દર વર્ષની જેમ આદ. શ્રી બિપીનભાઈ મણિયાર તથા આદ. શ્રી વિનોદભાઈ ખરીદીયાએ વિશેષ સહકાર આપ્યો હતો. આદ. શ્રી નલિનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ પરિવારના સભ્યો પણ દર્શનાર્થે આવ્યા હતા. ગુરુકુળના વિદ્યાર્થીઓએ પણ ખૂબ સેવાભક્તિ કરી હતી.

## સંસ્થામાં આદ. ડો. સોનેજી પરિવારની નૂતન સાધનાકુટિરમાં પ્રભુની પ્રતિમાજી તથા સંતોના ચિત્રપટોની સ્થાપનાવિધિ સાનંદ-સંપન્ન

તા. ૧-૭-૨૦૧૨ના રવિવારના રોજ આપણા કોબા પરિવારના સદસ્ય, મુમુક્ષુવિશેષ પૂજ્ય બહેનશ્રી તથા આદ. ધર્મપ્રેમી ડૉ. રાજેશભાઈ સોનેજીની નૂતન સાધનાકુટિરમાં ઉલ્લાસમય તથા ધર્મમય વાતાવરણમાં પરમાત્માની પ્રતિમાજી તથા સંતોના ચિત્રપટોની સ્થાપના પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવી. સંસ્થાના શ્રી જિનમંદિરમાંથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી, અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય, પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી અને પૂજ્યશ્રીના ચિત્રપટોને મંત્રો-ધૂનના પવિત્ર ઉચ્ચારણ સહ શોભાયાત્રારૂપે નૂતન સાધનાકુટિરમાં લાવવામાં આવ્યા. શોભાયાત્રામાં જોડાયેલ ભક્તહૃદયોમાંથી ભક્તિની સરવાણી પ્રવાહિત થવા

લાગી. પ્રભુ-ગુરુના જયનાદથી પુનિત બનેલું વાતાવરણ સૌના હૃદયને સ્પર્શી ગયું. કોબાના યુવા સાધકવૃંદે હૃદયના તારને ઝણઝણાવી દેતું ભક્તિસંગીત પીરસ્યું. ભક્તિના અમૃતપાનથી સૌના હૃદય તૃપ્ત થયા. વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. મંગળકળશની સ્થાપના બાદ પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે ૐકાર તથા સ્વસ્તિક વચનોનું આલેખન કરવામાં આવ્યું. મંત્રોના ઉચ્ચારણથી પાવન થયેલા વાતાવરણમાં પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે પ્રભુજીની પ્રતિમા અને સંતોના ચિત્રપટોની સ્થાપનાવિધિ સંપન્ન થઈ. સ્થાપના વિધિના અગાઉના દિવસે તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ નૂતન સાધનાકુટિરમાં ક્ષેત્રવિશુદ્ધિ અર્થે ભક્તિ રાખવામાં આવી હતી; જેમાં મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિસંગીત પીરસી સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા. આ પ્રસંગે ડૉ. સોનેજી પરિવાર તરફથી રૂા. ૧૦ની પ્રભાવના રાખવામાં આવી હતી.

આ પ્રસંગે સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા; જેમાં આદ. ડૉ. કુમારપાળભાઈ દેસાઈ તથા આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહની હાજરી સૌ માટે ધ્યાનાકર્ષક અને પ્રેરણારૂપ બની.

સાધનાકુટિરમાં પ્રભુ-ગુરુની પધરામણી થતાં અત્યંત પુલકિત બની ગયેલા આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીના હૃદયમાંથી પ્રવહિત થયેલી પ્રેમની ધારા હર્ષાશ્રુરૂપે દૃષ્ટિગોચર થતી હતી. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવારની ધર્મ પ્રત્યેની રુચિ-વલણ દિન-પ્રતિદિન વધતાં જાય છે તે આનંદની વાત છે. આ જ રીતે તેઓ ધર્મમાર્ગે આગળ વધતાં રહી શાશ્વત સુખને પ્રાપ્ત કરે તેવી 'દિવ્યધ્વનિ' પરિવારની હાર્દિક શુભેચ્છાઓ છે. આ પ્રસંગ નિમિત્તે તા. ૧-૭-૨૦૧૨ના દિવસે બપોરે આદ.ડૉ. સોનેજી પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા પરિવારની મુમુક્ષુકુટિરમાં સંતોના ચિત્રપટોની સ્થાપનાવિધિ સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં સેવા તથા સાધના અર્થે રહેતા આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા)ની મુમુક્ષુકુટિરમાં પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે સંતોના ચિત્રપટોની સ્થાપનાનો કાર્યક્રમ તા. ૨-૭-૨૦૧૨ના રોજ ધર્મમય અને ઉલ્લાસસભર વાતાવરણમાં સંપન્ન થયો.

સંતકુટિરથી શોભાયાત્રારૂપે પ્રભુ મહાવીર, અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય તથા પરમકૃપાળુદેવના ચિત્રપટોને મુમુક્ષુકુટિરમાં લાવવામાં આવ્યા. મંત્રો તથા ધૂનના ઉચ્ચારણથી વાતાવરણ મંગલમય બની ગયું. કોબાના યુવાસાધક ગ્રુપે ભાવવાહી ભક્તિસંગીત પીરસી સૌને પ્રભુ-ગુરુ પ્રેમમાં તરબોળ કરી દીધા. આવા પવિત્ર વાતાવરણમાં પૂજ્યશ્રીના વરદ હસ્તે ઉપરોક્ત ચિત્રપટોની સ્થાપના કરવામાં આવી. પૂજ્યશ્રીના શુભ હસ્તે ૐ તથા સ્વસ્તિક વચનોનું લખાણ થયું.

આદ. શ્રી જયંતિભાઈએ વધુ સમય રહીને સેવા-સાધના કરી શકે તે હેતુથી સંસ્થામાં મુમુક્ષુકુટિર લીધી છે. શ્રી જયંતિભાઈ સંસ્થાના મેડિકલ સેન્ટર તથા સંતકુટિરમાં નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યા છે; જે આપણા સૌના માટે પ્રેરણાદાયક છે. આ પ્રસંગે અત્યંત ભાવવિભોર બનીને આદ.શ્રી જયંતિભાઈએ પૂજ્યશ્રી તથા સંસ્થાને આજીવન સમર્પિત રહેવાના હૃદયોદ્‌ગાર વ્યક્ત કર્યા હતા. તેઓના આ સમર્પણભાવની સમસ્ત કોબા પરિવાર અનુમોદના કરે છે અને તેઓ નીરોગી રહીને સેવા-સાધના કરતાં જીવનના અંતિમ લક્ષ્ય (મોક્ષ) ને પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. આ શુભ પ્રસંગે શ્રી જયંતિભાઈ તરફથી સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો અને પૂના રાજપરિવાર (હસ્તે : આદ.શ્રી પ્રતાપભાઈ મહેતા તથા આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા, પૂનાવાળા) તરફથી બપોરનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે પરમાર્થપ્રેરક આધ્યાત્મિક શિબિર સંપન્ન

આપણી સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૧-૭-૨૦૧૨ થી તા. ૩-૭-૨૦૧૨ દરમ્યાન નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિર યોજાઈ ગઇ. શિબિરનું સુંદર સંચાલન સંસ્થા સંલગ્ન આદ. મુમુક્ષુ ભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ સુંદર રીતે કર્યું હતું.

**સ્વાધ્યાય :** જાણીતા સાહિત્યકાર, પ્રખર ચિંતક આદ. **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સમર્થનું સાન્નિધ્ય સાંપડે તો આપણી ભવોભવની ભ્રમણા ટળી જાય. સંતનો સમાગમ થતાં આપણે ક્રમે કરીને તેમના જેવા બની જઇએ છીએ. ગ્રંથ આપણી ગ્રંથિઓને દૂર કરે છે. પરમકૃપાળુદેવના જીવનશુદ્ધિ, કર્તવ્યશુદ્ધિ, જ્ઞાનસિદ્ધિ અને કરુણાના ગુણો ધ્યાનાકર્ષક છે. 'રૂડું' શબ્દ કૃપાળુદેવના અંતઃસ્તલમાંથી આવ્યો છે. સંતો એટલે જીવંત ચેતના. તે ચેતનાનો આપણને સ્પર્શ થવો જોઈએ. આધ્યાત્મિક ગહન અનુભવોમાંથી 'મોક્ષમાળા' ગ્રંથ રચાયો છે. કૃપાળુદેવે આપણને સત્યધર્મની વાત કરી. દિવ્યવિચારોનું અંજન આંજવા ગ્રંથોનું અધ્યયન જરૂરી છે.

બ્રા.બ્ર. તપસ્વી, જૈનધર્મના ઊંડા અભ્યાસી તથા એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીના ડાયરેક્ટર **આદ. ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ શાહ**ની 'મૂળ મારગ સાંભળો...' પદના આધારે સ્વાધ્યાયશ્રેણી યોજાયી હતી. તેઓશ્રીએ જણાવ્યું કે મોક્ષપ્રાપ્તિનો માર્ગ 'મૂળ મારગ' કાવ્યમાં કૃપાળુદેવે બતાવ્યો છે. સંતોની વાત જીવનમાં ઊતરતી નથી એટલે પરમાર્થ લાભ થતો નથી. શ્રવણ સાથે જિજ્ઞાસા ભળે - તે અંતરમાં ઊતરે ત્યારે તે ઉહાપોહમાંથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. ડાહ્યો માનવી ભૂલોમાંથી સાર મેળવીને તેવી ભૂલો ફરી કરતો નથી. મોહના આવરણોને તોડવામાં ન આવે ત્યાં સુધી 'મૂળ મારગ' સમજાતો નથી. તીવ્ર અજ્ઞાન અને મહામોહ આત્મકલ્યાણમાં બાધક બને છે. જ્ઞાનની તીવ્ર અભિપ્સા ન પ્રગટે ત્યાં સુધી જ્ઞાનપ્રાપ્તિ થતી નથી. મહામોહનીયની નિદ્રાને દૂર કરવાનો ઘંટનાદ એટલે ગુરુપૂર્ણિમા. પરમાત્માને પામવાની તીવ્ર તાલાવેલી લાગશે ત્યારે સાચા ગુરુનો મેળાપ થશે અને માર્ગ મળી જશે. 'ગુરુ' શબ્દ ભારતીય સંસ્કૃતિ સિવાય વિશ્વની અન્ય સંસ્કૃતિઓમાં જોવા મળતો નથી. ગુરુ આપણને પ્રગતિ કરતાં શીખવાડે છે. આપણને સંસારમાં ભટકાવનાર રાગાત્મક અને દ્વેષાત્મક વૃત્તિઓ છે. પાંચ ઇન્દ્રિયો વૃત્તિના સાગરિતો છે. પરમ સત્ય તરફ જવાનો માર્ગ એટલે 'મૂળ મારગ'. વૃત્તિના ચાર પ્રકાર છે : (૧) વિક્ષિપ્ત, (૨) યાતાયાત, (૩) શ્લિષ્ટ, (૪) સુલીન. જ્યાં સુધી બંધનો જાણ્યા નથી ત્યાં સુધી મુક્તિ મળતી નથી. જે આત્માનુશાસનની પ્રેરણા આપે તથા વિભાવભાવોથી આપણું રક્ષણ કરે તે શાસ્ત્ર. ભોગો ભોગવવાનું પરિણામ ભોગવ્યા છતાં જીવને ત્યાગવૃત્તિ આવતી નથી ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બરાબર સમજાય તો માર્ગની પ્રાપ્તિ થાય. આત્મતત્ત્વને ન જાણ્યું તો બધું જાણેલું વ્યર્થ છે. આપણી દૃષ્ટિ ધનકેન્દ્રિત છે તો શ્રીમદ્‌જીની દૃષ્ટિ આત્મકેન્દ્રિત હતી. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુના શરણે જવું પડે. બાહ્યરૂપ જોઈને આપણું મન આસક્ત થઈ જતું હોય તો આપણે ચમાર છીએ ! ગુરુનો ઉપદેશ આપણા જીવનને બદલી નાખે છે. સમકિત પામ્યા પછી જીવના ભવની ગણતરી થાય છે. સમ્યક્‌દૃષ્ટિ બધાની સાથે જોડાયેલા છતાં અંતરથી તે બધાથી પર રહે છે. નિજ સ્વરૂપને જાણવું તે જૈનદર્શનનો સાર છે.


**પૂજ્યશ્રી આત્માનંદજી**એ વચનામૃત પત્રાંક - ૮૦ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે મહાપુરુષોની મનોવૃત્તિ અબાધિતપણે વહ્યા કરે છે. આપણે સંકલ્પ-વિકલ્પના પૂરમાં તણાઇ જઇએ છીએ. દેશના બોર્ડર પર રક્ષણ કરતા સેનિકથી પણ વધારે સાવધાની રાખીએ ત્યારે અધ્યાત્મક્ષેત્રે આપણો વિકાસ થાય. સંકલ્પ-

વિકલ્પોને હરાવી જેઓ આત્મામાં એકાગ્ર થાય છે તેઓ યોગી, જ્ઞાની અને ધ્યાની બને છે. સમ્યક્દૃષ્ટિ દુનિયાના વિચારોમાં તણાઈ જતા નથી. જેટલો ક્લેશ વધારે ચાલે તેટલા પ્રમાણમાં કર્મબંધ પણ વધારે થાય છે. સમ્યક્ હઠાગ્રહ પ્રગતિનું કારણ છે તો મિથ્યા આગ્રહ પડતીનું કારણ છે. પર્વ એટલે જાગરણના દિવસો. અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત કરવો હોય તો તેની કિંમત પણ ચૂકવવી પડે. અંતરના ભાવ પ્રામાણિક, નિઃસ્વાર્થ અને નિર્મળ હોય તો તે ઉત્તમ ફળને આપે છે. મુનિધર્મ પાળવો કઠિન છે, છતાં આપણે તેનું લક્ષ-ભાવના તો રાખવી. શ્રી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા જીવને નિર્વિકલ્પ સમાધિ સુધી લઈ જાય છે. આત્માનુભૂતિની ચિનગારી કોઈક વીરલાને પ્રાપ્ત થાય છે.

**ભક્તિસંગીત :** શિબિર દરમ્યાન શ્રી સ્વામિનારાયણ સંસ્થા BAPS ના અધિષ્ઠાતા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આજ્ઞાનુવર્તી શિષ્યો તથા કોબાના યુવાસાધક ભક્તિવૃંદે ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌના હૃદયને પ્રભુ-ગુરુના પ્રેમથી પ્લાન્વિત બનાવી દીધા હતા. શિબિર દરમ્યાન શ્રી બૃહદ્ આલોચના, વૈરાગ્ય પારાયણ તથા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના પારાયણ યોજાયા હતા.

**પ્રકીર્ણ :** શિબિર દરમ્યાન 'દિવ્યધ્વનિ'ના લવાજમ તથા સંસ્થાના પ્રકાશનો અને વીસીડી, ડીવીડી પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. મુંબઈના યુવા મુમુક્ષુઓએ 'ઇન્દ્રિયોં કા ગુલામ' નાટક પ્રસ્તુત કરી સુંદર બોધ આપ્યો હતો. શ્રી ભારતીબેન કારાણી, શ્રી રેખાબેન પરમાર્થી, શ્રી ચંપકભાઈ પરમાર્થી, શ્રી પારૂલબેન શાહ, શ્રી સુશિલાબેન કારાણી તથા શ્રી અરવિંદભાઈ કારાણીએ પ્રેમપરિશ્રમ લઈ સુંદર અને પ્રેરણાત્મક રંગોળી બનાવી હતી. ભોજનાલયમાં સ્વામિવાત્સલ્યનો લાભ આપનારા સર્વ દાનવીર મહાનુભાવોને અનેકશઃ ધન્યવાદ સહિત સંસ્થા તરફથી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનારા સૌને ખૂબખૂબ ધન્યવાદ.

## વૈરાગ્ય સમાચાર



**અમદાવાદ :** શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર)ના અગ્રણી ટ્રસ્ટી **આદ.શ્રી હિંમતલાલ પુજાભાઈ શાહ**નું તા. ૨૮-૬-૨૦૧૨ના રોજ ૮૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓએ છેલ્લા ૪૩ વર્ષથી ઉપરોક્ત સંસ્થામાં ખૂબ ચીવટ અને નિષ્ઠાપૂર્વક સેવાઓ બજાવી હતી. કૃપાળુદેવના તેઓ અનન્ય ભક્ત હતા. તેઓ ધર્મપ્રેમી, સરળ, પ્રેમાળ તથા પરોપકારી સ્વભાવના હતા. તેઓ સ્પષ્ટવક્તા, વિલક્ષણ બુદ્ધિ અને દૃઢ મનોબળ ધરાવતા ઝિંદાદિલ વ્યક્તિ હતા. તેઓશ્રીએ કૃપાળુદેવના વચનામૃતોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ધાર્મિક સંસ્કારો તેમને તેઓશ્રીના માતા-પિતા તરફથી પ્રાપ્ત થયા હતા. સાધુ-સંતોની વેયાવચ્ચ (સેવા) કરવામાં તેઓ પાછી પાની કરતા નહિ. તેઓશ્રી અનેક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના પણ તેઓમાં દૃષ્ટિગોચર થતી હતી.

છેલ્લા બે માસની માંદગી દરમ્યાન સમતાભાવ રાખીને મંત્રજાપ કરતા હતા. અંતિમ સમયે પૂ. આચાર્ય ભગવંતના સાન્નિધ્યમાં સૌ સંબંધોને વોસીરાવ્યા અને નવકારમંત્રનો જાપ કરતાં કરતાં જાગૃતિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## આદ. ડો. સોનેજી પરિવારની નૂતન સાધનાકુટિરમાં પરમાત્માની પ્રતિમાજી તથા સંતોના ચિત્રપટોની સ્થાપનાની વેળાએ (તા. ૧-૭-૨૦૧૨)













## આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા)ની મુમુક્ષુકુટિરમાં પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપનાની વેળાએ (તા. ૨-૭-૨૦૧૨)





Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014

## સંસ્થાના જિનાલયમાં નૂતન ધ્વજારોહણની વેળાએ (તા. ૨૧-૭-૨૦૧૨)






### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જુલાઈ-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**૧ સ્વ. કાંતાગૌરી અમૃતલાલ મહેતા**ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
હસ્તે આદ. શ્રી મીનાબેન મહેતા (માટુંગા, મુંબઈ)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' જુલાઈ-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**૨ સ્વ. ભૂપતભાઈ જયંતિલાલ અજમેરા** (માટુંગા, મુંબઈ)ના આત્મશ્રેયાર્થે
હસ્તે કલ્પનાબેન ભૂપતરાય અજમેરા તથા (૧) હરેશ-અમી-વેદાંત (૨) ઋષભ-બૈજુ-દીયા
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah